
" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-279 | AD-2026, Ashadh Sud -01 | Wednesday, Dt.15-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## બંને દેશો વચ્ચેનો આ તણાવ હવે ગલ્ફ ક્ષેત્રમાં મોટા લશ્કરી સંઘર્ષમાં ફેરવાયો

# ઈરાનની લશ્કરી શક્તિ અને નેતૃત્વનો નાશ કરવામાં આવ્યો : ટ્રમ્પ





વોશિંગ્ટન,તા. ૧૪

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા લશ્કરી તણાવ વચ્ચે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો દાવો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાનના ટોચના લશ્કરી નેતૃત્વનો નાશ કરવામાં આવ્યો છે, અને દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના પુત્ર મોજતબા ખામેનીને લગભગ ૯૦% જેટલા ખતમ કરી દેવામાં આવ્યા છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે મિસાઈલ હુમલા અને વળતા હુમલા ફરી તીવ્ર બન્યા છે. બંને દેશો વચ્ચેનો આ તણાવ હવે ગલ્ફ ક્ષેત્રમાં મોટા લશ્કરી સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

ફોક્સ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી સંયુક્ત લશ્કરી કાર્યવાહીએ ઈરાનની સંરક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે નબળી પાડી દીધી છે. 'તેમની પાસે હવે નૌકાદળ નથી, હવાઈ દળ નથી; બધું જ સમાપ્ત થઈ ગયું છે. તેમની વિમાન વિરોધી સિસ્ટમ (એન્ટી-એરક્રાફ્ટ સિસ્ટમ) પણ નાશ પામી છે અને તેમના તમામ મુખ્ય નેતાઓ માર્યા ગયા છે,' તેમ ટ્રમ્પે ઉમેર્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે લશ્કરી કાર્યવાહી દરમિયાન ઈરાનના સૌથી સક્ષમ વ્યૂહાત્મક કમાન્ડરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.


ટ્રમ્પે વધુમાં દાવો કર્યો હતો કે ઈરાનના વર્તમાન સર્વોચ્ચ નેતાના પુત્ર મોજતબા ખામેની પણ યુએસ લશ્કરી કાર્યવાહીમાં ગંભીર રીતે અસરગ્રસ્ત થયા છે અને તેઓ '૯૦ ટકા ખતમ થઈ ગયા છે.' મોજતબા ખામેનીને તેમના પિતાના કુદરતી ઉત્તરાધિકારી માનવામાં આવતા હતા, પરંતુ અહેવાલો અનુસાર તેઓ અગાઉના હવાઈ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તાજેતરના મોટા અંતિમ સંસ્કારોમાં પણ જોવા મળ્યા ન હતા.

આ સાથે જ અમેરિકાએ ઈરાન પર દબાણ વધારવા માટે દરિયાઈ નાકાબંધી ફરીથી લાદવાની અને સુરક્ષિત માર્ગ માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ૨૦ ટકા ટેરિફ (ચાર્જ) લગાવવાની દરખાસ્ત કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું કે યુએસ સૈન્ય હવે 'હોર્મુઝ સ્ટ્રેટના રક્ષક' તરીકે કાર્ય કરશે અને આ જળમાર્ગ અન્ય દેશો માટે ખુલ્લો રહેશે.

બીજી તરફ, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આની આકરી આલોચના કરતા જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષાની જવાબદારી માત્ર ઈરાનની છે અને ૨૦ ટકા ટેરિફ અતિશય છે. ઈરાનની સંસદમાં આ અંગે એક વ્યૂહાત્મક બિલ પણ રજૂ કરવામાં આવ્યું છે.

આ તણાવ વચ્ચે, હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલ ટેન્કર પર થયેલા હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થતાં અને છ અન્ય ઘાયલ થતાં ભારતે નવી દિલ્હીમાં ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશન મોહમ્મદ જાવદ હુસેનીને સમન્સ પાઠવીને સખત વિરોધ નોંધાવ્યો છે અને જવાબ માંગ્યો છે. આ વૈશ્વિક ઉર્જા માર્ગ પર વધતો વિવાદ હવે આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય બન્યો છે.

# ઓપરેશન સિંદૂર બાદ ભારતની સંરક્ષણ નીતિમાં મોટો ફેરફાર




નવી દિલ્હી,તા.૧૪

ઓપરેશન સિંદૂર બાદ ભારતની સંરક્ષણ ખરીદી અને સૈન્ય તૈયારીમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા છેલ્લા ૧૪ મહિનામાં ૫૫ મોટા પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે, જેની કુલ કિંમત ૯.૮૦ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ રોકાણ આગામી વર્ષોમાં વિવિધ સોદાઓ, આધુનિકીકરણ યોજનાઓ અને સ્વદેશી ઉત્પાદન કાર્યક્રમો પર ખર્ચવામાં આવશે. રક્ષા ક્ષેત્રના નિષ્ણાતોના મતે વૈશ્વિક સ્તરે વધતા સંઘર્ષો અને લાંબા સમય સુધી ચાલતા યુધ્ધોએ ભારતની વ્યૂહાત્મક વિચારસરણીને પ્રભાવિત કરી છે. હવે સૈન્યને માત્ર મર્યાદિત કાર્યવાહી માટે નહીં પરંતુ લાંબા ગાળાના અને બહુસ્તરીય યુધ્ધ માટે સજ્જ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. નવા પ્રસ્તાવોમાં હથિયારોનો જથ્થો, સમારકામ વ્યવસ્થા અને લોજિસ્ટિક્સ ક્ષમતાઓને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે. ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ, આકાશ મિસાઈલ સિસ્ટમ, લોઈટરિંગ મ્યુનિશન અને નેત્ર જેવી સ્વદેશી ટેકનોલોજી આધારિત સિસ્ટમોના સફળ ઉપયોગ બાદ તેમની આંતરરાષ્ટ્રીય માંગમાં પણ વધારો થયો છે. ફિલિપાઈન્સ, વિયેતનામ સહિત અનેક દેશો સાથે બ્રહ્મોસ માટે હજારો કરોડ રૂપિયાના સોદા થયા છે. ઈન્ડોનેશિયા સાથેનો કરાર અંતિમ તબક્કામાં છે, જ્યારે આર્મેનિયા સાથે આકાશ મિસાઈલ સિસ્ટમ માટે ૬,૧૦૦ કરોડ રૂપિયાનો કરાર થઈ ચૂક્યો છે. રક્ષા મંત્રાલયના આંકડા મુજબ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની રક્ષા નિકાસ ૩૮,૪૨૪ કરોડ રૂપિયા સુધી પહોંચી છે, જે અગાઉના વર્ષની સરખામણીએ ૬૨ ટકા વધુ છે.

# મેલબોર્ન મીટ્સ મોદી કાર્યક્રમને લઈને વિવાદ, આયોજકોએ કોંગ્રેસ પાસેથી માફીની માંગ કરી



મેલબોર્ન,તા.૧૪

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમને લઈને રાજકીય વિવાદ ઊભો થયો છે. કાર્યક્રમના આયોજકોએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોઈપણ વ્યક્તિને પૈસા આપવામાં આવ્યા નહોતા. આયોજકોના જણાવ્યા મુજબ સમગ્ર કાર્યક્રમ સમુદાયના સહયોગ અને સ્વયંસેવકોની મહેનતથી સફળ બન્યો હતો.કોંગ્રેસ નેતા પવન ખેડાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને આરોપ લગાવ્યો હતો કે કાર્યક્રમમાં ભીડ એકત્ર કરવા માટે લોકોને પૈસા આપવામાં આવ્યા હતા અને ચાર્ટર્ડ વિમાનો મારફતે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના અન્ય કેટલાક નેતાઓએ પણ આ પ્રકારના દાવાઓ કર્યા હતા.મીડિયા અહેવાલો મુજબ કાર્યક્રમના આયોજકોએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને આ નિવેદનો પર માફી માંગવાની અને આરોપો પાછા ખેંચવાની માંગ કરી છે. આયોજકોનું કહેવું છે કે આવા નિવેદનો ભારતીય-ઓસ્ટ્રેલિયન સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડે છે અને તેમની લોકશાહી પસંદગીનું અપમાન કરે છે. આયોજકોના જણાવ્યા પ્રમાણે ચાર્ટર્ડ ફ્લાઈટની વ્યવસ્થા ઘણા મહિનાઓની યોજના અને સંકલન બાદ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે કાર્યક્રમનો ખર્ચ ન તો ભાજપે, ન ભારત સરકારે અને ન ઓસ્ટ્રેલિયા સરકારે ઉઠાવ્યો હતો. નોંધનીય છે કે ૯ જુલાઈએ યોજાયેલા આ કાર્યક્રમમાં અંદાજે ૩૦ હજાર લોકો હાજર રહ્યા હતા.

## આઠ દિવસ બાદ રાહત ટીમોને સફળતા, ૬ માછીમારો હજુ ગુમ; પીએમ મોદી દ્વારા સહાયની જાહેરાત

# બંગાળની ખાડીમાં ડૂબેલા ટ્રોલરમાંથી ૮ માછીમારોના મૃતદેહ મળી આવ્યા



કોલકાત્તા,તા.૧૪

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા નજીક બંગાળની ખાડીમાં ડૂબી ગયેલા 'જય મા કાલી' નામના ટ્રોલરમાંથી આઠ દિવસ બાદ નવ માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે હજુ પણ છ માછીમારો ગુમ હોવાનું જાણવા મળ્યું છે. ગુમ થયેલા માછીમારોની શોધખોળ માટે પોલીસ અને ભારતીય તટરક્ષક દળ દ્વારા સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ ટ્રોલર ૨ જુલાઈના રોજ પૂર્વ મેદિનીપુર જિલ્લાના શંકરપુર માછીમારી બંદરથી ૧૫ માછીમારોને લઈને દરિયામાં માછલી પકડવા માટે નીકળ્યું હતું. ૬ જુલાઈ પછી ટ્રોલર સાથેનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો હતો. જિલ્લા પ્રશાસનના જણાવ્યા મુજબ શનિવારે બક્ખાલી તટથી આશરે ૩૫ કિલોમીટર દૂર બાઘેર ચાર વિસ્તારમાં ડૂબેલા ટ્રોલરનો પત્તો લાગ્યો હતો. ત્યારબાદ રવિવારે માછીમારી ટ્રોલરોની મદદથી તેને સીતારામપુર કિનારે લાવવામાં આવ્યું હતું. આખી રાત ચાલેલા રાહત અને બચાવ અભિયાન દરમિયાન ટ્રોલરની અંદરથી નવ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતદેહો ઘણા દિવસોથી દરિયામાં હોવાને કારણે ગંભીર રીતે સડી ગયા છે અને તેમની ઓળખ કરવી મુશ્કેલ બની છે. હવે ડીએનએ પરીક્ષણ બાદ જ ઓળખ શક્ય બનશે. પ્રાથમિક તપાસમાં ખરાબ હવામાનના કારણે ટ્રોલર પલટી ગયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ ઘટનામાં દુઃખ વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને પીએમએનઆરએફમાંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

# નવી દિલ્હીમાં જંતર-મંતર પર સોનમ વાંગચુકની ભુખ હડતાલ



નવી દિલ્હી,તા.૧૪


નવી દિલ્હી ખાતે જંતર-મંતર પર સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની ભૂખ હડતાળ આજે ૧૭મા દિવસે પહોંચી છે. લાંબા સમયથી ઉપવાસ પર રહેવાના કારણે તેમની તબિયત સતત બગડી રહી છે અને અત્યાર સુધીમાં તેમનું ૮.૨ કિલો વજન ઘટ્યું હોવાનું જાણવા મળ્યું છે.

સપા પ્રમુખ અખિલેશ યાદવ, શિવસેના (UBT)ના ઉદ્ધવ ઠાકરે અને ટીએમસી નેતા મહુઆ મોઈત્રાએ વાંગચુકને ભૂખ હડતાળ સમેટવાની અપીલ કરી છે. અભિનેતા નસીરુદ્દીન શાહ, રત્ના પાઠક શાહ અને લેખિકા અરુંધતિ રોય સહિત અનેક હસ્તીઓએ પણ તેમની માંગણીઓને સમર્થન આપતાં સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી હડતાળ પૂર્ણ કરવાની વિનંતી કરી છે.









ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ ભરત સુતરીયા સહિતના અગ્રણીઓની હાજરીમાં

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)નો શપથ ગ્રહણ સમારોહ યોજાયો






અમરેલી,તા.૧૪

અમરેલી ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના નવા હોદેદારોનો શપથ ગ્રહણ સમારોહ ''સમર્પણ'' નામે ભવ્ય રીતે યોજાયો હતો. રવિવારે ગજેરાપરા પટેલ વાડી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરિયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરિયા, ડો. રતિદાદા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.લા. અશ્વિનભાઈ કોડિયા દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્લબના ગયા વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં વિવિધ સામાજિક, આરોગ્યલક્ષી અને જનકલ્યાણના કાર્યોની વિગતો રજૂ કરવામાં આવી હતી. શપથગ્રહણ અધિકારીનો પરિચય લા. પ્રા. એમ. એમ. પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. લા. કમલેશભાઈ શાહે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૬-૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓમાં પ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયા, સેક્રેટરી લા. દિનેશભાઇ સોરઠિયા, ટ્રેઝરર લા. વિનોદભાઈ આદ્રોજા તેમજ કેબિનેટના સભ્યોને આગવી શૈલીમાં હોદાના શપથ લેવડાવી તેમની જવાબદારીઓથી વાકેફ કરાવેલ હતાં. લાયન વર્ષ




૨૦૨૫-૨૬ દરમિયાન થયેલ ક્લબની વિશિષ્ટ કામગીરીમાં સહયોગ આપવા બદલ સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા, મંત્રી બટુકભાઈ સોળીયા, ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના હરજીભાઈ નારોલા તેમજ સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ સાહેબ વતી વિશાલભાઈ વ્યાસનું સવિશેષ સન્માન કરવામાં આવેલ હતું.સમારોહના માનવંતા મહેમાનોમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર વસંતભાઈ મોવલીયા, કોકીલાબેન કાકડીયા, જયંતીભાઈ પાનસુરીયા, દિપકભાઈ માલાણી, મુકેશભાઈ સંઘાણી, શરદભાઈ ધાનાણી, જીતુભાઈ ડેર, દહરજીભાઈ નારોલા, મહેશભાઈ મહેતા, સુરેશભાઈ દેસાઈ, દિનેશભાઈ ભુવા, કૌશિકભાઈ હપાણી, બી. એસ. કોઠીયા, ડૉ. પી. પી. પંચાલ, પરેશભાઈ કાનપરિયા, કાંતિભાઈ વઘાસીયા, કિશોરભાઈ જાની, જતીનભાઈ સુખડિયા, હંસરાજભાઈ સાકરીયા, રાકેશભાઈ નાકરાણી, જીગ્નેશભાઈ સાવલિયા તેમજ પરિતાબેન ભેસાણિયા, અતુલભાઈ પડસાલા, અશ્વિનભાઈ ધોરાજીયા,રમેશભાઈ ધાનાણી, લા.મહેશભાઈ દવે, લા. અજયભાઈ ટાંક, સુરેશભાઈ શેખવા, બાબુભાઈ ધામત વિગેરેએ લાયન્સ પરિવારની નિસ્વાર્થ સેવા પરાયણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ગાયત્રી સંસ્કારધામ, ચલાલાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય સંત ડૉ. રતિદાદા મહેતાનું સન્માનપત્ર અર્પણ કરી સવિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.આભારદર્શન સેક્રેટરી દિનેશભાઈ સોરઠિયા અને સભા સંચાલન લા. શરદભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે લા. રમેશભાઈ ગોલ, લા. સાહસ ઉપાધ્યાય, લા. પરેશભાઈ આચાર્ય, લા.ભુપતભાઈ ભુવા, લા. મહેશભાઈ પટેલ, લા. નરેશભાઈ જોગાણી, લા. નીતિનભાઈ રાજપરા, લા.રાજેશભાઈ માંગરોળીયા, લા.ડો. પ્રદીપભાઈ ધડુક, લા.ડો. વિરલભાઈ ગોયણી, લા.રમેશભાઈ ગોલ, લા. રિધેશભાઈ નાકરાણી, લા.કિશોરભાઈ શિરોયા, લા.અશ્વિનભાઈ સંપટ, લા. ભગવાનભાઈ કાબરીયા, લા.બિમલભાઈ રામદેવપુત્રા,લા. મનોજભાઈ કાનાણી, લા. રમેશભાઈ કાથરોટીયા, લા.કૌશલભાઈ દવે, ભદ્રેશસિંહ પરમાર, લા. અશોકભાઈ ઝાલા, લા. ભાર્ગવભાઈ ભંડેરી, લા.કૌશિકભાઈ ટાંક, લા. નિલેશભાઈ દેસાઈ, લા. નિલેશભાઈ ધોળકિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જસાધાર રેન્જમાં ગેરકાયદેસર પ્રવેશ કરનાર ૮ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૪

જસાધાર રેન્જ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ગેકોયેટર પ્રવેશ કરી વન્યજીવોને હેરાન કરતા અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરતા કેટલાક શખ્સો સામે વન વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોને ગંભીરતાથી લઈ ગીર પૂર્વ વન વિભાગ દ્વારા છેલ્લા ૧૫ થી ૨૦ દિવસ દરમિયાન વિશેષ તપાસ ચલાવવામાં આવી હતી. ટેકનિકલ ઈન્ટેલિજન્સ અને સ્થાનિક પોલીસની મદદથી પંજા મહમદ અમીનભાઈ, મહમદભાઈ જાબીલ, અબુલ કાલાવાણીયા, કાજી,ફારૂક નાઝહુસેન સહિત ૮ વ્યક્તિઓને અટકાયત કરવામાં આવી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

તપાસ દરમિયાન ઉપયોગમાં લેવાયેલા અનેક ઈન્સ્ટાગ્રામ આઈડીની પણ ઓળખ કરવામાં આવી છે. આ તમામ વ્યક્તિઓ વેરાવળ અને પ્રાચી પાટણ વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. વન વિભાગે જણાવ્યું કે વન્યપ્રાણીઓને હેરાન કરવી, પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ કરવો અને આવા વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પ્રસારિત કરવું કાયદેસર ગુનો છે.

**સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો બાદ વન વિભાગની કાર્યવાહી, અનેક ઇન્સ્ટાગ્રામ આઈડી પણ તપાસના ઘેરામાં**

# અમરેલીની લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં નવી વિદ્યાર્થીનીઓ માટે 'ફ્રેશર્સ વેલકમ' યોજાયું



અમરેલી,તા.૧૪

અમરેલી સ્થિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં નવા શૈક્ષણિક વર્ષ નિમિત્તે ×ફ્રેશર્સ વેલકમ× કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત આ સંકુલની કે.પી. ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજમાં અને લેઉવા પટેલ ટ્રસ્ટ BBA મહિલા કોલેજમાં નવી વિદ્યાર્થીનીઓનો સ્વાગત મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ ડાન્સ, કેટવોક અને વિવિધ મનોરંજક રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.




# બગસરાના જામકા ગામે પરિવારે ઠપકો આપતાં યુવકે ઝેરી પીતા મોત

**બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી.વાળાએ તપાસ શરૂ કરી**

બગસરા, તા.૧૪

બગસરાના જામકા ગામે રહેતા એક યુવકને તેના પરિવારે ઠપકો આપતાં ઝેરી દવા પી લેતાં તેનું મોત નીપજ્યું હતું. ગૌતમભાઈ દેવકુભાઈ વાળા (ઉ.વ. ૩૨)એ જાહેર કર્યા મુજબ, જયરાજભાઈ દેવકુભાઈ વાળા (ઉ.વ. ૩૭)ને છેલ્લા ઘણા સમયથી દારૂ પીવાનું વ્યસન હતું. જેથી પરિવારના સભ્યો તેને ઠપકો આપતાં, લાગી આવવાથી તેણે ઝેરી દવા પી લીધી હતી, જેથી તેનું મરણ થયું હતું. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં મિત્રતાની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો કરાયો

**૬ શખ્સો સામે ગુનો દાખલ**

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદમાં જૂની અદાવત અને મનદુઃખ રાખીને એક યુવક અને તેના ભાઈ પર ૬ શખ્સોએ એકસંપ થઈ લાકડાના ધોકા અને ઢીકાપાટુ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને મોઢા તેમજ હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જીગ્નેશભાઈ જશાભાઈ રાઠોડ (ઉ.વ.૨૫)એ પ્રકાશભાઈ બાબુભાઈ શિયાળ, રાજુભાઈ નાનજીભાઈ સાંખટ, સુનીલ બારૈયા, હાર્દિક બારૈયા, સાગરભાઈ માયાભાઈ બારૈયા તથા રામભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ તેમને તેના મિત્ર કાનાભાઈ સાથે સારા સંબંધો હતા, જે બાબત આ કામના મુખ્ય આરોપી પ્રકાશભાઈ શિયાળને ગમતી ન હતી. આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓએ તેમને તેમજ તેના ભાઈને જાહેરમાં જેમ ફાવે તેમ બીભત્સ ગાળો આપી હતી. ઉપરાંત મોઢાના ભાગે ઢીકાપાટુનો મૂઢ માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓએ જતાં-જતાં ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને વાત કરશે તો 'જાનથી મારી નાખીશું'. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી. બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૫/૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી ભુત જીવરાજભાઈ હરીભાઈ**
**રહે.મું.આંસોદર, હાલ ૯૯ સહજાનંદ સોસાયટી, આરોગ્ય કેન્દ્ર પાસે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ મો.નં. ૮૯૮૦૩ ૫૩૬૮૮**
**અરજદારશ્રીના વિ.વ.હિરલ એન. ડેર એડવોકેટ**
**લાઠી, મો. ૭૪૩૬૦ ૦૧૬૧૨**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

### -// નોટીસ //-
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પિતા હરીભાઈ વશરામભાઈ ભુત નું મરણ તા.૦૫/૦૩/૧૯૮૪ ના રોજ મું.આંસોદર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૬/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે

# અમર ડેરીમાં અમૂલ આઈસ્ક્રીમ અને કાઠિયાવાડી છાશના પ્રાયોગિક ઉત્પાદનનો પ્રારંભ

**દિલીપ સંઘાણીના હસ્તે શુભ શરૂઆત, ટૂંક સમયમાં ભવ્ય લોકાર્પણ યોજાશે**







અમરેલી,તા.૧૪

અમરેલી સ્થિત અમર ડેરી ખાતે અમૂલ આઈસ્ક્રીમ તથા કાઠિયાવાડી છાશના પ્રાયોગિક ઉત્પાદનનો શુભ પ્રારંભ IFFCOના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડેરી ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ગણાતા આ બંને નવા ઉત્પાદનોના ઉત્પાદન કાર્યની શરૂઆત થતાં ડેરી સાથે સંકળાયેલા આગેવાનો અને સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. માહિતી મુજબ આગામી દિવસોમાં રાષ્ટ્રીય નેતૃત્વની ગૌરવમય ઉપસ્થિતિમાં અમૂલ આઈસ્ક્રીમ અને કાઠિયાવાડી છાશનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવશે. આ બંને ઉત્પાદનો ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સ્વાદિષ્ટ વિકલ્પ પૂરા પાડશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરિયા, માવજીભાઈ ગોલ, અમર ડેરીના એમ.ડી. ડૉ. આર. એસ. પટેલ, ધીરુભાઈ વાળા સહિત અમર ડેરીના ડિરેક્ટરો, આગેવાનો અને વિવિધ ક્ષેત્રના ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા અને ડેરીના વિકાસ માટેના પ્રયાસો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## દામનગર શૌચાલયમાં અસહ્ય દુર્ગંધથી નાગરિકો પરેશાન

દામનગર, તા.૧૪



દામનગરમાં સ્વચ્છતાના દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. સરદાર સર્કલની બિલકુલ સામે આવેલા નગરપાલિકા શોપિંગ સેન્ટરની જાહેર મુતરડી હાલ અત્યંત બિસ્માર હાલતમાં છે. અહીં યોગ્ય સાફ-સફાઈના અભાવે માથું ફાડી નાખે તેવી તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે આસપાસના વેપારીઓ અને ત્યાંથી પસાર થતા રાહદારીઓનું જીવવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, જો નગરપાલિકા તંત્ર દ્વારા આ જાહેર શૌચાલયની નિયમિત અને વ્યવસ્થિત સફાઈ કરાવવામાં આવે, તો આજુબાજુનું વાતાવરણ પ્રદૂષિત થતું અટકે અને સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે. તંત્ર આ બાબતે તાકીદે નક્કર પગલાં ભરે તે અત્યંત જરૂરી છે.

## અમરેલી જિલ્લામાં તા. ૧૯એ મહા રક્તદાન અભિયાન યોજાશે

અમરેલી, તા.૧૪

આગા ખાન સંસ્થાઓ અને સ્કાઉટ એન્ડ ગાઇડ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્રના ૧૫ કેન્દ્રો પર 'મહા રક્તદાન અભિયાન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત બાબરા, અમરેલી, જુનાગઢ અને દીવ સહિતના વિસ્તારોમાં સવારે ૮:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. બાબરામાં ખોજા જમાતખાને આ કેમ્પનું વિશેષ આયોજન કરાયું છે. આયોજકો દ્વારા સમાજના તમામ તંદુરસ્ત નાગરિકોને માનવતાના આ ઉત્કૃષ્ટ કાર્યમાં જોડાઈને વધુમાં વધુ રક્તદાન કરવા અનુરોધ કરાયો છે, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન આપી શકાય.

## લીલીયામાં તાર ફેન્સીંગ યોજનાની મુદત વધારવા કૃષિ મંત્રીને રજૂઆત

લીલીયા,તા.૧૪



લીલીયા મોટા તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ તાર ફેન્સીંગ યોજનાની મુદત વધારો અને લક્ષ્યાંક વધારવા અંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે સરકાર દ્વારા જૂન મહિનામાં તાર ફેન્સીંગ માટે પૂર્વમંજૂરી આપવામાં આવી હતી, પરંતુ આ સમયગાળા દરમિયાન ખેડૂતો વાવેતરની કામગીરીમાં વ્યસ્ત હોવાથી કામ શરૂ કરી શકતા નથી. તેથી યોજનાની મુદત વધારવા અથવા માર્ચ-એપ્રિલ દરમિયાન મંજૂરી આપવાની માંગ કરવામાં આવી છે. વધુમાં લીલીયા તાલુકામાં ૩૦૦થી વધુ અરજીઓ થઈ હોવા છતાં માત્ર ૧૪ ખેડૂતોના ક્લસ્ટરને મંજૂરી મળતાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તમામ લાભાર્થી ખેડૂતોને યોજનાનો લાભ મળે તે માટે લક્ષ્યાંક વધારવાની માંગ પણ કરવામાં આવી છે.

## સા.કુંડલામાં બે મહિલા પાસેથી ૨૭ લિટર દેશી દારૂ મળ્યો

સાવરકુંડલા, તા.૧૪

અમરેલી જિલ્લામાં ચાર લોકો પાસેથી ૫૯ લિટર દેશી દારૂ પકડાયો હતો. સાવરકુંડલામાં બે મહિલા પાસેથી ૨૭ લિટર દેશી દારૂ મળ્યો હતો.

વડીયા ગામે કબ્રસ્તાન પાસેથી ૧૫ લિટર અને વડીયા ચારણીયા રોડ સુરવો નદી કાંઠેથી ૧૭ લિટર દેશી દારૂ પકડાયો હતો. ચાંચ ગામના ગેટ પાસે, રાજુલા પાણીના ટાંકા પાસે, ટીંબી ગામે આંગણવાડી પાસે, અમરેલીમાં બી.કે.ટાંકના ડેલા પાછળ તથા લાઠી પોલીસ સ્ટેશન પાસેથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતો મળી આવ્યો હતો.

## રાજુલામાં 'ટ્રેક્ટર તો અહીંથી જ નીકળશે' કહી બસમાં રૂ. ૪૦ હજારનું નુકસાન કર્યું

**ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી**

રાજુલા, તા.૧૪

ગારીયાધારના સાતપડા ગામે રહેતા જયરાજસિંહ રણજીતસિંહ સરવૈયા (ઉ.વ.૩૦)એ રાજુલાના વડલી ગામના નરેશભાઈ ધાખડા અને ખોડુ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ટ્રાવેલ્સ બસમાં મુસાફરોને બેસાડી નેસડી ગામેથી સુરત જવા નીકળ્યા હતા. રાજુલા પહોંચતા બંને આરોપીઓ સામેથી ટ્રેક્ટરો લઈને આવતા હતા. રસ્તો સાંકડો હોવાથી તેમણે બસ રિવર્સ લીધી હતી.

આ સમયે આરોપી પોતાનું ટ્રેક્ટર સાઈડમાંથી કાઢવા જતો હોવાથી ફરિયાદીએ તેને કહ્યું કે, ટ્રેક્ટર બસને અડી જશે. જેથી આરોપીએ "ટ્રેક્ટર તો અહીંથી જ નીકળશે" તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી પોતાનું ટ્રેક્ટર બસના આગળના ભાગે ચારથી પાંચ વખત ભટકાવ્યું હતું તથા સાઈડમાંથી પણ ભટકાવી બસમાં આશરે રૂ. ૪૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

રાજકોટ નિવાસી સ્વ. સુરેશચંદ્ર અમૃતલાલ શાહ (ઉ.વર્ષ૮૪) જે રંજનબેન(રજોસબેન)ના પતિશ્રી, સ્વ.મનહરલાલ, જગદીશભાઈના ભાઈ તથા માધવીબેન કૃપાલભાઈ વાઘેલા, જલ્પાબેન જયદત્તભાઈ સંઘાણી, ફોરમબેન હિરેનભાઈ વોરાના પિતાશ્રી તથા સ્વ.મધુકાન્ત ચુનીલાલ મહેતાના બનેવી તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

એમનું ઉઠમણું તા.૧૬/૦૭/૨૦૨૬ ને ગુરુવાર ના રોજ સવારે ૧૦ વાગ્યે પ્રહલાદ પ્લોટ દેરાસર, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.




-: જાહેર નોટીસ :-

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૩/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી ગોરધનભાઈ રણછોડભાઈ સોરઠીયા, રે. સનાળા, તા.વડીયા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળા, તા.વડીયા, જિ.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ગોરધનભાઈ રણછોડભાઈ સોરઠીયાએ તેમના માતુશ્રી જીવીબેન રણછોડભાઈ સોરઠીયાનું અવસાન તા.૧૫/૧૧/૧૯૭૦ ના રોજ મુ.સનાળા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**




**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૧/૨૦૨૬ — તા.૧૩/૦૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. રજનીકાંત લાલજીભાઈ માલવિયા, રહે.૨૩/૨, રતનપાર્ક સોસાયટી, ઉનમનગર, નિકોલગામ રોડ, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી જીરા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રજનીકાંત લાલજીભાઈ માલવિયાનો જન્મ તા.૨૮/૦૭/૧૯૬૮ ના રોજ મુ.જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૮/૨૦૨૬ — તા.૧૩/૦૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વિલાસબેન અરજણભાઈ વઘાસીયા વાઈફ ઓફ ફુલચંદભાઈ ધાનાણી, રહે.૭ ગોપીનાથ સોસાયટી વિ.૨, રામનગર, રાંદેરા રોડ, ભેસ્તાન, સુરત ૩૯૫૦૦૫

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વિલાસબેન અરજણભાઈ વઘાસીયાનો જન્મ તા.૨૪/૦૭/૧૯૭૪ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૯/૨૦૨૬ — તા.૧૩/૦૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વજુભાઈ જીવનલાલ પાંચાણી, રહે.મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વજુભાઈ જીવનલાલ પાંચાણીનો જન્મ તા.૧૮/૦૬/૧૯૭૬ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૦/૨૦૨૬ — તા.૧૩/૦૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. પાંચાણી વિવેકકુમાર વિનુભાઈ, રહે.૭૮, શિવદર્શન સોસાયટી, વિ-૩, યોગીચોક, પુણાગામ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પાંચાણી વિવેકકુમાર વિનુભાઈનો જન્મ તા.૦૫/૦૬/૧૯૯૩ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**તંત્રી લેખ**

# વિશ્વમાં સંવાદના નવા પ્રકરણનો આરંભ થાય તેવી આશા

વિશ્વના ઈતિહાસમાં અનેક એવા પ્રસંગો આવ્યા છે જ્યારે યુધ્ધના વાદળો વચ્ચે પણ શાંતિનો સૂર્ય ઉગ્યો છે. આજની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ એવી જ એક કસોટી સમાન છે. પશ્ચિમ એશિયામાં ઊભી થયેલી અસ્થિરતા, વૈશ્વિક વેપાર માર્ગો પર વધતી અનિશ્ચિતતા અને મહાસત્તાઓ વચ્ચે વધી રહેલી રાજકીય સ્પર્ધાએ સમગ્ર વિશ્વને ચિંતિત કર્યું છે. છતાં, આ સંજોગો માત્ર જોખમનું ચિત્ર દોરતા નથી, પરંતુ વિશ્વને વધુ જવાબદાર, વધુ સંકલિત અને વધુ સંવાદી બનવાની પ્રેરણા પણ આપે છે. આ જ સમય છે જ્યારે રાષ્ટ્રો પોતાની શક્તિનું પ્રદર્શન યુધ્ધના મેદાનમાં નહીં, પરંતુ ચર્ચા અને કૂટનીતિના મંચ પર કરે. તાજેતરના સમયમાં મધ્યપૂર્વ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય રાજકારણનું કેન્દ્ર બન્યું છે. તેલ અને ગેસના વૈશ્વિક પુરવઠા માટે અત્યંત મહત્વ ધરાવતો આ વિસ્તાર વિશ્વ અર્થતંત્રની ધમની સમાન ગણાય છે. અહીં ઊભી થતી કોઈપણ અસ્થિરતા માત્ર પ્રાદેશિક મુદ્દો રહેતી નથી, પરંતુ તેની અસર વિશ્વભરના દેશોના ઉદ્યોગો, પરિવહન વ્યવસ્થા અને સામાન્ય નાગરિકોના જીવન સુધી પહોંચે છે. આથી સમગ્ર વિશ્વની નજર હવે માત્ર તણાવ પર નહીં, પરંતુ તેના શાંતિપૂર્ણ અને સ્થાયી ઉકેલ પર કેન્દ્રિત થઈ રહી છે. આધુનિક યુગની સૌથી મોટી હકીકત એ છે કે કોઈપણ દેશ સંપૂર્ણપણે એકલો રહી શકતો નથી. દરેક રાષ્ટ્ર વૈશ્વિક વેપાર, ટેક્નોલોજી, ઊર્જા, નાણાકીય વ્યવસ્થા અને વિવિધ સંસાધનો દ્વારા એકબીજા સાથે જોડાયેલો છે. આવા સમયમાં કોઈ એક પ્રદેશમાં ઊભી થયેલી અશાંતિ સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ બની જાય છે. તેથી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સહયોગ, વિશ્વાસ અને સંવાદનું મહત્વ પહેલાં કરતાં અનેકગણું વધી ગયું છે. ઈતિહાસ સાક્ષી છે કે યુધ્ધ હંમેશાં વિનાશ અને પીડાનું કારણ બન્યું છે. મોટા સંઘર્ષોએ લાખો નિર્દોષ લોકોના જીવનને અસર પહોંચાડી છે અને અનેક દેશોના વિકાસને વર્ષો પાછળ ધકેલી દીધા છે. અંતે દરેક યુધ્ધનો અંત વાટાઘાટો અને સમજૂતી દ્વારા જ આવ્યો છે. તેથી જો વિશ્વના નેતાઓ શરૂઆતથી જ સંવાદ અને મધ્યસ્થતાને પ્રાથમિકતા આપે, તો અનાવશ્યક જાનહાનિ અને આર્થિક નુકસાનને ઘણું ઓછું કરી શકાય. આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની જવાબદારી પણ વધી જાય છે. વૈશ્વિક શાંતિ જાળવવા માટે રચાયેલી સંસ્થાઓએ માત્ર નિવેદનો સુધી મર્યાદિત ન રહી, પરંતુ વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા માટે સક્રિય પ્રયાસો કરવા જોઈએ. જ્યારે વિવિધ દેશો એક જ મંચ પર બેસીને ચર્ચા કરે છે, ત્યારે ગેરસમજો દૂર થાય છે અને સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો શોધવાનો માર્ગ ખુલ્લો પડે છે. ભારત માટે પણ આ સમય અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતે હંમેશાં 'વસુધૈવ કુટુંબકમ'ના સિદ્ધાંતને વિશ્વ સમક્ષ રજૂ કર્યો છે. દરેક દેશ સાથે સંતુલિત અને મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવાની ભારતની નીતિ આજે વધુ પ્રાસંગિક બની છે. ઊર્જા સુરક્ષા, વૈશ્વિક વેપાર અને આંતરરાષ્ટ્રીય સ્થિરતા સાથે સીધું જોડાયેલું ભારત સતત શાંતિ અને સંવાદનું સમર્થન કરે છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાની દ્રષ્ટિએ પણ શાંતિ અનિવાર્ય છે. વેપાર માર્ગોમાં અવરોધ, પરિવહન ખર્ચમાં વધારો અથવા ઊર્જા પુરવઠામાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર મોંઘવારી અને ઉત્પાદન પર પડે છે. ખાસ કરીને વિકાસશીલ દેશો માટે આવી સ્થિતિ વધુ પડકારજનક બની શકે છે. તેથી લાંબા ગાળાના વિકાસ માટે સ્થિર અને શાંતિપૂર્ણ વાતાવરણ જરૂરી છે. આજની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ એક સ્પષ્ટ સંદેશ આપે છે કે વિશ્વનું ભવિષ્ય સંવાદ, સહકાર અને પરસ્પર વિશ્વાસમાં સમાયેલું છે. શાંતિ માત્ર યુધ્ધનો અભાવ નથી, પરંતુ વિકાસ, સમૃધ્ધિ અને માનવતાનો મજબૂત પાયો છે. જો વિશ્વના દેશો ધીરજ, સમજદારી અને કૂટનીતિના માર્ગે આગળ વધશે, તો વર્તમાન પડકારો આવનારા સમયમાં વૈશ્વિક એકતા અને સહકારની નવી શરૂઆતનું કારણ બનશે. સંકટની આ ઘડીએ વિશ્વને વધુ વિભાજનની નહીં, પરંતુ વધુ વિશ્વાસ, વધુ સહયોગ અને વધુ સંવાદની જરૂર છે. એ જ માર્ગ સમગ્ર માનવજાતને સુરક્ષિત, સમૃધ્ધ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જઈ શકે છે.

# બગસરામાં ભૂગર્ભ ગટર ઉભરાતા પાલિકા સામે લોકોમાં ભારે આક્રોશ

**મુખ્ય માર્ગો પર દુર્ગંધયુક્ત પાણી ફરી વળતા તંત્ર સામે ઉઠયા સવાલ**



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૪

બગસરા શહેરમાં નગરપાલિકા દ્વારા આપવામાં આવેલી ભૂગર્ભ ગટરની સુવિધા અનેક વિસ્તારોમાં લોકો માટે મુશ્કેલીનું કારણ બની રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર ભૂગર્ભ ગટર ઉભરાવાની સમસ્યા સર્જાતા દુર્ગંધયુક્ત પાણી રોડ પર ફરી વળે છે. પોલીસ સ્ટેશનથી જાંજારીયા જવાના માર્ગ પર આવેલી મસ્જિદ નજીક તેમજ કુંકાવાવ નાકા પાસે રામજી મંદિર નજીક ગટરના પાણી રોડ પર વહેતા જોવા મળ્યા હતા. જેના કારણે રાહદારીઓ અને મંદિર આવતા ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોમાં રોષ છે કે ગટર વેરો વસૂલવામાં આવે છે છતાં યોગ્ય જાળવણી થતી નથી. દુર્ગંધ અને ગંદકીના કારણે આરોગ્ય સંબંધિત ચિંતાઓ પણ વધી રહી છે. લોકોએ નગરપાલિકાને તાત્કાલિક કાર્યવાહી કરી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માંગ કરી છે.

# વડિયાના નાની કુંકાવાવ ગામે ખેતીની જમીન ગેરકાયદે પચાવી પાડ્યાની ફરિયાદ

**સુરતના રત્નકલાકારે શેઢા-પાડોશી સામે ફરિયાદ નોંધાવી**

વડિયા, તા.૧૪

વડિયાના નાની કુંકાવાવ ગામે ખેતીની જમીન ગેરકાયદે પચાવી પાડ્યાની ફરિયાદ નોંધાઈ છે. આ અંગે હાલ સુરતમાં રહેતા અને મૂળ નાની કુંકાવાવના વતની દિલીપભાઈ ગોરધનભાઈ સોરઠીયા (ઉ.વ.૩૭)એ ધીરૂભાઈ રવજીભાઈ સોરઠીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, નાની કુંકાવાવ ગામના ઉદરીયું સીમ વિસ્તારમાં આવેલી દિલીપભાઈની ખેતીની જમીન પર તેમના શેઢા-પાડોશી અને આરોપી ધીરૂભાઈએ ગેરકાયદે કબ્જો જમાવી જમીન પચાવી પાડી હતી.

તેમજ તેમાં ખેતીનો પાક લઈ આર્થિક લાભ મેળવ્યો હતો. અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના નવાગામ ફતેગઢમાંથી પાંચ મહિલા અને બે પુરુષ જુગાર રમતા ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂ.૧૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

ધારી, તા.૧૪

ધારીના નવાગામ ફતેગઢમાંથી ૭ જુગારીઓ ઝડપાયા હતા, જેમાં ૫ મહિલા અને ૨ પુરુષોનો સમાવેશ થાય છે. જીતુભાઈ રામજીભાઈ ધંધુકિયા તથા ભૂપતભાઈ મણિશંકરભાઈ દવે અને પાંચ મહિલાઓ સહિત આ સાતેય ઈસમો જાહેરમાં ગંજીપતાં અને પૈસા વડે 'તીનપત્તી' નામનો હાર-જીતનો જુગાર રમી-રમાડી રહ્યા હતા. તે દરમિયાન પોલીસે રેડ પાડીને આ સાતેય ઈસમોને રોકડા રૂ. ૧૧,૨૦૦ સાથે ઝડપી લીધા હતા. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલામાં ઓટીપી વિના મોબાઈલ હેક કરીને બેંક ખાતામાંથી રૂ. ૩.૧૯ લાખની સાયબર ઠગાઈ

**વિવિધ રાજ્યોના બેંક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા**

રાજુલા, તા.૧૪

રાજ્યમાં સાયબર ક્રાઈમના ગુનાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ભેજાબાજ ગઠિયાઓએ મોબાઈલ ફોન હેક કરીને, ઓટીપી વગર જ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી કટકે-કટકે કુલ રૂ. ૩,૧૯,૦૦૦ ઉપાડી લીધા હતા.

આ સાયબર ફ્રોડમાં ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અલગ-અલગ બેંક ખાતાધારકોની સંડોવણી બહાર આવી છે.બનાવ સંદર્ભે હાલ રાજુલામાં રહેતા મૂળ સુરતના મેહુલકુમાર ગોવર્ધનભાઈ સરધારા (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના બેંક ખાતાને સાયબર ગુનેગારોએ નિશાન બનાવ્યું હતું. આરોપીઓએ કોઈ અજ્ઞાત ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરીને ફરિયાદીની જાણ બહાર તેમનો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો.

ત્યારબાદ બેંક ટ્રાન્ઝેક્શન માટે જરૂરી એવા ઓટીપી વગર જ ખાતામાંથી રૂ. ૩,૧૯,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. આ રૂપિયા દેશના જુદા-જુદા રાજ્યોમાં આવેલા ૬ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી. એમ. કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં જુગાર રમતાં ૯ ઈસમો રૂ. ૭૫,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

**પોલીસને થાપ આપી બે ફરાર થઈ ગયા**

ચલાલા, તા.૧૪

ચલાલામાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તી રોન નામનો હારજીતનો જુગાર રમતા ૯ ઈસમો રોકડા રૂ. ૭૫,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે બે ઈસમો પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયા હતા.જુગાર રમતા ઝડપાયેલા અને ફરાર થયેલા ઈસમોમાં વિજયભાઈ ધારુભાઈ વાળા, અજયભાઈ નજુભાઈ વાળા, અનકભાઈ કથુભાઈ માંજરીયા, બાલુભાઈ ખોડાભાઈ ધાખડા, યુવરાજભાઈ પ્રતાપભાઈ માંજરીયા, અશોકભાઈ મુળુભાઈ વાળા, રવિભાઈ દિનેશભાઈ ચૌહાણ, વિજયભાઈ મંગળુભાઈ ધાધલ, ભગીરથભાઈ મનુભાઈ ધાધલ, જયરાજભાઈ અંકુભાઈ માંજરીયા તથા વનરાજભાઈ અંકુભાઈ માંજરીયાનો સમાવેશ થાય છે. આ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# મીતીયાળા ગામના યુવકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન પલંગ પરથી પડતા મોત

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદના મીતીયાળા ગામના યુવકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન પલંગ પરથી પડી જતાં મોત નીપજ્યું હતું. બાલુભાઈ મોહનભાઈ બાંભણીયા (ઉ.વ. ૫૧)એ જાહેર કર્યા મુજબ, ભવનભાઈ મોહનભાઈ બાંભણીયા (ઉ.વ. ૩૫)ને પેટમાં પાણી ભરાઈ ગયું હોવાથી રાજુલાની એક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પલંગ પરથી અચાનક પડી જતાં માથાના ભાગે ઈજા થઈ હતી.

ત્યારબાદ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૧૧૩૦ | ૧૨૬૨ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૩૪૦ |
| બાજરી | ૩૩૦ | ૪૮૧ |
| મકાઇ | ૩૨૦ | ૪૭૦ |
| તુવેર | ૧૦૯૦ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૧૯૦ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૮૦૫ |
| અડદ | ૧૨૩૦ | ૨૦૦૨ |
| મગ | ૧૩૫૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૬૦૫ | ૧૧૬૦ |
| ચોળી | ૯૦૮ | ૧૬૮૩ |
| વટાણા | ૫૨૦ | ૮૨૫ |
| કળથી | ૪૨૫ | ૭૦૦ |
| રાજમા | ૧૫૨૨ | ૧૮૨૫ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૧૫૦ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૬૨૦ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૩૦ |
| તલી | ૨૩૪૫ | ૨૬૧૨ |
| એરંડા | ૧૨૮૪ | ૧૪૦૭ |
| અજમો | ૧૦૦૦ | ૨૧૦૦ |
| સુવા | ૧૪૮૦ | ૧૫૨૦ |
| સોયાબીન | ૧૧૩૨ | ૧૪૯૦ |
| સીંગફાડા | ૧૪૭૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૨૨૮૦ | ૩૭૭૫ |
| લસણ | ૧૧૮૧ | ૨૬૬૦ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૧૯ |
| ધાણી | ૨૪૫૦ | ૨૯૭૫ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૮૩૦ |
| જીરૂ | ૩૩૨૫ | ૩૯૯૮ |
| રાય | ૧૩૪૦ | ૧૮૧૧ |
| મેથી | ૯૬૦ | ૧૬૯૬ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૮૦૧ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૬૦૦ |
| રાયડો | ૧૨૪૦ | ૧૪૦૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૯૮૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૮૨ | ૩૦૭ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૪૯૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૮૪ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૭૨ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૭૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૮૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૭૪૧ |
| એરંડા/એરંડી | ૧૧૫૦ | ૧૪૦૬ |
| જીરૂ | ૨૫૫૧ | ૪૦૨૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૪૬૧ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૬૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૯૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૬૧ |
| મઠ | ૫૭૬ | ૫૭૬ |
| તુવેર | ૯૨૬ | ૧૫૫૧ |
| રાય | ૧૧૭૬ | ૧૬૬૧ |
| મેથી | ૧૦૫૧ | ૧૭૨૬ |
| કાંગ | ૨૦૦ | ૬૭૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૩૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૭૨૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૦૯૧ |
| બાજરો | ૨૭૧ | ૪૨૧ |
| જુવાર | ૧૧૭૧ | ૧૨૭૧ |
| મકાઇ | ૪૭૧ | ૪૭૧ |
| મગ | ૧૨૫૧ | ૧૯૩૧ |
| વાલ | ૩૧૧ | ૧૨૦૧ |
| વાલ પાપડી | ૧૧૫૧ | ૧૬૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૫૫૧ |
| રજકાનું બી | ૫૯૦૧ | ૫૯૦૧ |
| અજમાં | ૨૪૭૬ | ૨૪૭૬ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૩૩૧ | ૯૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૯૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૬૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૩૦ | ૨૪૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુળા | ૨ | ૮ |
| કોથમીર પુળા | ૧૫ | ૧૮ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૪૦ |
| પરવર | ૫૮૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૧૦ |
| શિંગ દાણા | ૧૫૮૫ | ૨૦૦૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૯૦ | ૧૮૫૫ |
| તલ સફેદ | ૧૩૩૦ | ૨૬૯૫ |
| કાળા તલ | ૨૨૯૦ | ૩૮૨૦ |
| તલ કાશમીરી | ૨૪૩૫ | ૨૪૩૫ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૯૧૦ | ૧૨૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| મકાઈ | ૩૪૦ | ૫૩૦ |
| મગ | ૧૪૧૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ચણા | ૮૨૦ | ૧૧૮૫ |
| સફેદ ચણા | ૮૭૦ | ૧૧૭૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૪૫ |
| કપાસ | ૯૪૦ | ૧૯૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| જીરુ | ૨૨૧૦ | ૩૬૩૦ |
| ધાણી | ૨૧૦૦ | ૨૯૫૫ |
| અજમાં | ૧૪૬૦ | ૨૫૫૦ |
| મેથી | ૧૧૨૫ | ૧૩૨૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૬૧૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૯૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૩૦૨ | ---- |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૨૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૫૮૧ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| સફેદ જુવાર | ૧૧૦૦ | ૧૨૪૬ |
| મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૮૯૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૩૦ | ૧૮૪૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૨૪૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૨૭૫૦ | ૩૬૧૦ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૩૦ |
| ઘઉં | ૪૯૧ | ૫૦૩ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૧ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૧ |
| ચણા સફેદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તલ સફેદ | ૨૫૬૫ | ૨૫૬૫ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૨૯૫ | ૧૫૩૦ |
| શીંગ દાણા | ૧૮૪૦ | ૧૮૭૫ |
| સોયાબીન | ૧૨૬૫ | ૧૪૧૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ કાળા | ૨૪૧૦ | ૩૦૦૫ |
| ચણા | ૯૫૦ | ૧૨૦૧ |
| ધાણા | ૨૮૫૫ | ૨૯૨૦ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| લશણ | ૮૨૫ | ૮૨૫ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૨ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૩૫ |
| મગ | ૧૧૧૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| શીંગ દાણા | ૧૬૦૫ | ૨૦૦૦ |
| શીંગ ફાડા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| સફેદ ચણા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૨૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૩૫૦ | ૧૩૫૧ |
| જુવાર | ૫૦૦ | ૧૩૧૦ |
| બાજરી | ૪૦૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૬૨ |
| મગ | ૧૫૬૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ચણા | ૭૭૫ | ૧૧૬૭ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૧૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૮૧૭ |
| તુવેર | ૭૦૦ | ૧૨૪૦ |
| ધાણા | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ડુંગળી લાલ | ૧૧૮ | ૫૨૮ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૪૫૧ |
| નાળીયેર | ૫૪૦ | ૨૭૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૮૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૬૬ |
| વાલ | ૨૦૦ | ૨૦૦ |
| અડદ | ૯૦૧ | ૧૮૯૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૮૬ |
| મગફળી | ૮૦૦ | ૧૧૨૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૯૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૫૧ |
| એરંડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૬૦૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૪૩૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૪૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૮૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૮૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૫૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૦૨ |
| બાજરો | ૪૨૫ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૨૩ |
| જુવાર | ૪૭૦ | ૧૨૪૦ |
| મગ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મઠ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૭૧ |
| જીરૂ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૧૦૧ | ૨૫૫૦ |
| સોયાબીન | ૧૪૫૧ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૨૧૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૦૫૦ | ૧૪૨૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૩૦ | ૫૨૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૫ |
| રાઈ | ૧૩૨૦ | ૧૫૩૨ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૭૦ |
| જુવાર | ૧૦૨૦ | ૧૨૨૪ |
| ચોળી | ૭૫૦ | ૧૨૫૦ |
| અડદ | ૧૯૨૦ | ૨૦૭૭ |
| મગ | ૧૨૫૦ | ૧૯૫૦ |
| એરંડી | ૧૧૬૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૪૦ | ૧૧૬૪ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૬૧૨ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૯૦૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૫૨૨ |
| ધાણા | ૧૭૦૦ | ૨૬૩૨ |



લાગે તો તીર : - બનેવીલાલ પાણી જોઈ જોઈને પળલેલાં તો હતાં જ 06

# સિંહો માનવભક્ષી બની રહ્યા છે ?



સૌરાષ્ટ્રમાં સિંહો માનવભક્ષી બની રહ્યા છે ?

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, અમરેલી, ભાવનગર સહિતના જિલ્લાઓમાં બની રહેલી ઘટનાઓના પગલે આ સવાલ અત્યારે પૂછાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા એક મહિનામાં સિંહો દ્વારા માણસોની હત્યાની ઓછામાં ઓછી ૭ ઘટના બની છે તેથી આ સવાલ પૂછાવો સ્વાભાવિક પણ છે. હમણાં ૧૧ જુલાઈએ ગિરનાર ચડી રહેલા ૧૨ વર્ષના મયૂરસિંહ નામના છોકરાને સિંહ ખેંચી ગયો અને હત્યા કરી નાંખી. આ છોકરો પોતાના કાકાનો હાથ પકડીને પર્વત પર જઈ રહ્યો હતો ને સિંહનો શિકાર બની ગયો.

આ પહેલાં ૮ જુલાઈએ લીલીયાના અંટાળીયા ગામે સિંહ-સિંહણ પ્રણયક્રીડામાં મશગૂલ હતાં ત્યારે તેમની પજવણી કરનારા ૩ યુવકમાંથી એકને ખેંચી જઈને સિંહે તેની હત્યા કરી નાંખી હતી. આ પહેલાં ૨૫ જૂને અમરેલીના ખાંભામાં બાળકને સિંહણ ખેંચી ગઈ હતી એ મારી નાંખ્યો હતો. ૧૭ જૂને ભાવનગરના મહુવાના પીંગળેશ્વર ગામના યુવકનું સિંહ હુમલામાં મોત થયું હતું જ્યારે ૧૬ જૂને અમરેલીના કોવાયા ગામે સિંહે યુવકનો શિકાર કર્યો હતો. બીજી પણ આ પ્રકારની ઘટનાઓ બની જ છે.

આ ઘટનાઓથી આશ્ચર્ય થવું પણ સ્વાભાવિક છે કેમ કે સિંહ માનવભક્ષી પ્રાણી નથી. વાઘ, દીપડા જેવાં જંગલી પ્રાણી માણસો પર હુમલા કરીને તેમને મારી નાંખે છે પણ સિંહ હુમલા કરીને માણસોને મારી નાંખતા હોય એવી ઘટના ભાગ્યે જ બને છે. વિશ્વમાં આફ્રિકા અને ગીર એ બે સિંહોનાં નિવાસસ્થાન છે. આ બંનેમાંથી કોઈ જંગલમાં સિંહોને જોવા માટે દર વરસે લાખોની સંખ્યામાં સહેલાણીઓ આવે છે પણ સિંહે કદી તેમના પર હુમલા કર્યા નથી. પ્રવાસીઓ દૂરથી સિંહને જોતાં હોય ને સિંહ પરિવાર સાથે પોતાની મસ્તીમાં મસ્ત હોય એ બહુ સામાન્ય દ્રશ્યો છે.

આફ્રિકાનાં જંગલની આપણને ખબર નથી પણ ગીરમાં તો સિંહો અને માલધારીઓનું સહ-અસ્તિત્વ ઘણાંને આશ્ચર્યજનક લાગે છે. માલધારીઓ પોતાની રીતે જીવે ને સિંહો પોતાની રીતે જીવે એ પ્રકારની વ્યવસ્થા સદીઓથી અસ્તિત્વમાં છે. ગુજરાતી સાહિત્યકાર ધ્રુવ ભટ્ટે આ સહઅસ્તિત્વ પર અકૂપાર જેવી અદભૂત નવલકથા લખી છે. આ સહ-અસ્તિત્વ એ કક્ષાનું છે કે સિંહ માલધારીઓનાં ઢોર-ઢાંખરને ઉઠાવી જઈને મારણ કરે તો પણ માલધારીઓને અજુગતું નથી લાગતું.

સિંહો ગીર તથા આસપાસના વિસ્તારોમાં રહેતા માલધારીઓ અને ખેડૂતોનાં ઢોર ઉપાડી જાય છે. દૂધાળાં ઢોરને સિંહ મારી નાંખે તેના કારણે દૂધ વિના રઝળી પડવું પડે. બળદને મારી નાંખે તો ખેતીમાં વિઘ્ન આવે. આ બધી તકલીફો છતાં લોકો ફરિયાદ કરતા નથી, સિંહોને પોતાનો મિત્ર માનીને તેમની સાથે જી વે છે.

સિંહનું પેટ ભરેલું હશે તો એ માણસો પર હુમલા નહીં કરે એવું માનીને માલધારીએ બધું સ્વીકારી લે છે. સિંહ પણ મારણ મળી જાય પછી હુમલા કરતા નહોતા તેથી અત્યાર સુધી સમસ્યા નહોતી. હવે અચાનક સ્થિતી બદલાઈ છે અને સિંહોના માણસ પર હુમલા વધી રહ્યા છે તેથી સિંહોના આશ્રયસ્થાનની આસપાસના વિસ્તારોમાં ફફડાટ થાય એ સહજ છે.

■■■

સિંહોના માણસો પરના હુમલા કેમ વધી રહ્યા છે ?

આ હુમલા માટેનું મુખ્ય કારણ સિંહોના નિવાસસ્થાન એવા ગીરના જંગલનો થઈ રહેલો નાશ છે. આખી દુનિયામાં હવે સિંહો બે જ ઠેકાણે રહ્યા છે, એક દક્ષિણ આફ્રિકામાં અને બીજા ગુજરાતના ગીરના જંગલમાં. આફ્રિકાનો જંગલ વિસ્તાર બહુ મોટો છે. દક્ષિણ આફ્રિકા, કેન્યા, ઝિમ્બાવે, ધાના, કેમરૂન સહિતના ઘણા દેશોમાં વિસ્તરેલાં જંગલોમાં સિહો રહે છે. ગુજરાતમાં છેલ્લે થયેલી વસતી ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા ૮૯૧ છે જ્યારે આફ્રિકામાં લગભગ ૨૫ હજાર જેટલા સિંહ હોવાનું કહેવાય છે. તાન્ઝાનિયા આફ્રિકન સિંહોનું સૌથી મોટું નિવાસસ્થાન છે. તાન્ઝાનિયાનાં જંગલોમાં જ ૧૩ હજાર સિંહો છે. એક સમયે આફ્રિકાનાં જંગલોમાં લગભગ ૨ લાખ સિંહ હતા પણ શિકારીઓના પાપે તેમની સંખ્યા ઘટી ગઈ પછી સિંહોને બચાવવા માટે કમર કસાઈ તેથી આફ્રિકન સિંહો બચી ગયા. આફ્રિકાના દેશોએ જંગલોનો નાશ અટકાવીને સિંહોને બચાવી લીધા.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ગુજરાતે પણ સિંહોને બચાવવા માટે બહુ મહેનત કરી છે. ૧૯૨૦માં ગીરમાં માત્ર ૫૦ સિંહ જ બચેલા પણ જૂનાગઢના તત્કાલિન નવાબ મહાબત ખાન અને દેશ આઝાદ થયો પછી આવેલી ગુજરાત સરકારોએ કરેલા પ્રયત્નોના કારણે એક સદીમાં સિંહોની સંખ્યા ૧૮ ગણી થઈ ગઈ છે. કમનસીબે સિંહોની સંખ્યા વધી એ પ્રમાણમાં જંગલનો વિસ્તાર વધ્યો નથી. બલ્કે ગુજરાતમાં તો જંગલો કાપી કાપીને કોન્ક્રીટનાં જંગલો બનાવાઈ રહ્યાં છે. છેલ્લાં કેટલાંક વરસોમાં સિંહ પ્રવાસનનો ભરપૂર પ્રચાર થયો તેથી સિંહદર્શન વધ્યું છે.

સિંહદર્શન માટે આવતા પ્રવાસીઓ માટે ગીરનાં જંગલોમાં હોટલોને રીસોર્ટ્સ બની રહ્યા છે તેથી સિંહોને જંગલ નાનું પડી રહ્યું છે. જંગલ કપાઈ રહ્યાં છે તેથી બીજાં પ્રાણીઓની સંખ્યા પણ ઘટી રહી છે તેથી સિંહોને પૂરતા પ્રમાણમાં મારણ નથી મળી રહ્યાં તેથી પણ સિંહો માનવવસવાટનાં સ્થળે આવી રહ્યાં છે. અહીં તેમને પ્રાણીઓ મળી જાય તો ઠીક છે, બાકી માણસો પર પણ હુમલા કરી નાંખે છે. મતલબ કે, સિંહો માનવભક્ષી નથી બની રહ્યા પણ માણસો તેના વિસ્તારમાં અતિક્રમણ કરી રહ્યા છે તેથી સિંહો પણ બહાર આવી રહ્યા છે.

■■■

આ સમસ્યાનો ઉકેલ શું ?

સિંહોને ગુજરાતની બહાર બીજાં સ્થળે પણ વસાવવા જોઈએ એવો નિષ્ણાતોનો મત છે. એક જમાનામાં પૃથ્વી પર સિંહોની ત્રણ પ્રજાતિ અસ્તિત્વ ધરાવતી હતી. આફ્રિકામાં સહરાના રણ વિસ્તારના ઉત્તર અને દક્ષિણમાં બે અલગ અલગ પ્રકારના સિંહ રહેતા જ્યારે મધ્યપૂર્વ એશિયાથી લઈને ભારત સુધી ત્રીજી પ્રજાતિના સિંહ રહેતા હતા. આ સિંહો 'એશિયાટિક લાયન્સ' કહેવાય છે. એશિયન સિંહો ઈરાન, ઈરાક ને બલુચિસ્તાનમાં હતા. ભારતમાં પણ ઉત્તર પ્રદેશના રામપુરનાં જંગલોમાં, બંગાળમાં, સિંધમાં, રોહિલખંડનાં જંગલોમાં ને દક્ષિણમાં નેર્બુદાનાં જંગલોમાં સિંહ હતા.

આ પૈકી ગીર સિવાયના વિસ્તારોમાંથી સિંહો નાશ પામ્યા તેનું કારણ મુસ્લિમ બાદશાહોના શિકાર હતા. ગુજરાતમાં પણ સિંહોના શિકારનું પ્રમાણ વધારે હોવાથી ૧૮૮૯ સુધીમાં માત્ર ૧૨ સિંહ બચી ગયેલા. જૂનાગઢના નવાબે સિંહનો શિકાર નહીં કરવાનો નિશ્ચય કર્યો તેથી ગીરના સિંહો બચી ગયા, બાકી બીજાં જંગલોની જેમ ગીરમાંથી પણ સિંહો નેસ્તનાબૂદ થઈ ગયા હોત.

અત્યારે રાજા-બાદશાહોના જમાનાની જેમ મોટા પ્રમાણમાં સિંહોના શિકાર થતા નથી તેથી સિંહોની વસતી વધ્યા કરે છે પણ એ પ્રમાણમાં જંગલ વધતું નથી. સિંહોની વસતી દાયકામાં ડબલ થઈ ગઈ પણ જંગલ તો એટલું જ છે તેથી સિંહોને પૂરતા પ્રમાણમાં મારણ નથી મળતું. આ સમસ્યા ઉકેલવા માટે સિંહોને દેશનાં અલગ અલગ જંગલોમાં લઈ જવાં જોઈએ. ભારતમાં અનેક મોટાં જંગલ આવેલાં છે અને તેમાંથી ઘણાં જંગલોમાં ભૂતકાળમાં સિંહ હતા જ તેથી વાતાવરણ. આબોહવા વગેરેની સમસ્યા નડવાની નથી. તેમને પૂરતા પ્રમાણમાં ભોજન પણ મળી રહે તેથી સિંહોએ માનવ વસવાટના વિસ્તારોમાં આવવું ના પડે.

■■■

સિંહોને બીજાં જંગલોમાં વસાવવા માટે બીજાં પણ કારણ છે.

નિષ્ણાતોના મતે, બીજા વિસ્તારોમાં સિંહની વસતી લુપ્ત થઈ તેના માટે શિકાર મુખ્ય કારણ છે પણ રોગચાળા સહિતનાં બીજાં કારણો પણ છે. કોઈ રોગચાળો ફાટી નિકળે કે જંગલમાં મોટી આગ લાગે તો બધા સિંહો પર એક સાથે ખતરો આવી જાય તેથી બધા સિંહોને એક જ ઠેકાણે રાખવાના બદલે અલગ અલગ જગાએ વસાવવા જોઈએ એવો વિચાર વહેતો મૂકાયેલો. ગીરના સિંહોને ગીરથી બહાર કાઢીને મધ્ય પ્રદેશના કૂનો પાલપુર અભયારણ્યાં લઈ જવાની દરખાસ્ત પણ મૂકાયેલી.

ગુજરાતે આ દરખાસ્તનો વિરોધ કરેતાં મામલો ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. ભારે કાનૂની દાવપેચ પછી સુપ્રીમ કોર્ટે ૧૫ એપ્રિલ, ૨૦૧૩ના રોજ સુપ્રીમ કોર્ટે ગીરના સિંહોને ગુજરાત બહાર એટલે કે મધ્ય પ્રદેશમાં ખસેડવાનો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમના આ આદેશ સામે ગુજરાત સરકારે રીવ્યુ પીટીશન કરેલી. સુપ્રીમ કોર્ટે ગુજરાતની રીવ્યુ પીટીશન પણ ફગાવી દેતાં ગુજરાતમાંથી સિંહોને ખસેડવાનો રસ્તો સાફ છે. સુપ્રીમ કોર્ટે નિષ્ણાંતોની સમિતીના રીપોર્ટના આધારે ચુકાદો આપ્યો હતો. આ રીપોર્ટમાં સિંહોને ક્યાં ક્યાં વસાવી શકાય છે તેની પણ ભલામણો હતી.

આ ભલામણોને સ્વીકારીને સિંહોને ગુજરાત બહાર ખસેડાશે તો સિંહો પરનો ખતરો ઘટશે ને માણસો પરનો ખતરો પણ ઘટશે. ■


sanjogpurti@gmail.com

## કૃષ્ણના મૂળભૂત ઉપદેશો વિરુધ્ધ ભક્તિના નામે સર્જાયેલી કાલ્પનિક વિકૃતિઓ:

# એક તાર્કિક દ્રષ્ટિકોણ



ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના ઈતિહાસમાં ભગવાન શ્રીકૃષ્ણનું સ્થાન સર્વોપરી છે. વેદવ્યાસ રચિત 'મહાભારત' અને 'શ્રીમદ ભગવદગીતા'માં જે કૃષ્ણનું વર્ણન છે, તે એક અત્યંત પ્રભાવશાળી, રાજનીતિજ્ઞ, મહાન યોધ્ધા, કર્મયોગી અને ગીતાના માધ્યમથી સમગ્ર માનવજાતને જીવનનું સાચું દર્શન કરાવનાર 'યોગેશ્વર' છે. પરંતુ, કાળક્રમે આ ભવ્ય અને ઐતિહાસિક વ્યક્તિત્વને ભક્તિના નામે એક એવા પ્રવાહમાં વહેવડાવી દેવામાં આવ્યું છે, જ્યાં તર્ક અને ઐતિહાસિક સત્ય કરતાં ભાવનાઓ અને કાલ્પનિક કથાઓનું વર્ચસ્વ વધી ગયું છે. ખાસ કરીને 'રાધા'ના પાત્રનો ઉદય અને તે દ્વારા કૃષ્ણના ચરિત્રને જે રીતે રજૂ કરવામાં આવ્યું છે, તે ગંભીર ચિંતન અને તાર્કિક પુનઃમૂલ્યાંકનનો વિષય છે. જ્યારે આપણે કૃષ્ણના ઐતિહાસિક અસ્તિત્વની વાત કરીએ છીએ, ત્યારે આપણે વેદવ્યાસના ગ્રંથો તરફ જોવું પડે છે, જેમાં ક્યાંય પણ રાધાનો ઉલ્લેખ નથી. રાધાનું પાત્ર ઈ.સ. ૧૨મી સદી પછીના કવિઓ જેમ કે જયદેવની કલ્પનામાંથી ઉભું થયું છે અને ત્યારબાદ બ્રહ્મવૈવર્ત પુરાણ જેવી પાછળથી લખાયેલી રચનાઓમાં તેને સ્થાન મળ્યું છે. આ સાહિત્યિક લેખકોએ પોતાની કાવ્યાત્મક અભિવ્યક્તિ અને માનવ સહજ વાસનાઓને આધ્યાત્મિકતાના રંગમાં રંગીને એક કાલ્પનિક પાત્ર ઊભું કર્યું છે, જેનો ઐતિહાસિકતા સાથે કોઈ સંબંધ નથી.



ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

તાર્કિક દ્દષ્ટિએ જોઈએ તો, રાધાનું પાત્ર કૃષ્ણના ચરિત્ર સાથે ઘણા વિરોધાભાસો ઊભા કરે છે. પૌરાણિક સાહિત્યમાં રાધાને પરણેલી દર્શાવીને અને અન્ય સાથેના સંબંધોને 'દિવ્ય પ્રેમ' કહીને જે રીતે ગ્લોરિફાય કરવામાં આવ્યું છે, તે કૃષ્ણ જેવા ભગવાનના વ્યક્તિત્વ માટે અન્યાયકર્તા છે. ભગવાન જે ધર્મના રક્ષક છે, તેઓ ક્યારેય અનૈતિક સંબંધને પ્રોત્સાહન આપી ન શકે. આ સંદર્ભમાં એ પ્રશ્ન અત્યંત મહત્વનો બની જાય છે કે, એક કાલ્પનિક પાત્રને કૃષ્ણના ગહન અને મૂળભૂત ઉપદેશો કરતાં પણ વધુ હાઈલાઈટ કરવાની સાધુઓ અને ધર્મગુરુઓને શું જરૂર પડે છે? વાસ્તવમાં, ભક્તિના નામે આ પ્રકારનું સાહિત્ય રચનારા અને તેને પ્રસારિત કરનારા લંપટ લોકો જ રાધાના પાત્રને સૌથી વધુ હાઈલાઈટ કરે છે. આ પાછળનું તેમનું મુખ્ય કારણ એ છે કે મૂળભૂત ઉપદેશો જેવા કે ગીતાના કર્મયોગ અને ધર્મનું પાલન અનુસરવા માટે વ્યક્તિએ અત્યંત સંયમી અને શિસ્તબધ્ધ જીવન જીવવું પડે છે, જ્યારે રાધા-કૃષ્ણની કાલ્પનિક લીલાઓનું ખોટું અર્થઘટન કરીને તેઓ પોતાના અંગત સ્વાર્થ અને વિકૃત કામનાઓને ધર્મનું આવરણ પહેરાવી શકે છે. સાધુઓના વેશમાં છુપાયેલા આવા લંપટ તત્વો માટે રાધાનું પાત્ર એક એવું સાધન બની ગયું છે જેના દ્વારા તેઓ સમાજની સ્ત્રીઓને ભાવનાત્મક રીતે ભ્રમિત કરી શકે છે અને પોતાના શોષણને 'આધ્યાત્મિકતા' તરીકે વેચી શકે છે.

આજે સમાજમાં એ સમજવું અનિવાર્ય છે કે દરેક ધાર્મિક પુસ્તક કે કાવ્ય એ શાશ્વત સત્ય નથી. લોકોની આંધળી ભક્તિ અને લેખકોની અતિશય કલ્પનાએ કૃષ્ણના શુધ્ધ અને ગંભીર ચરિત્રને એક 'લફરા'ના પાત્ર સુધી સીમિત કરી દીધું છે. કૃષ્ણનું સાચું સ્વરૂપ એ મહાભારત અને ગીતામાં છે. જે કૃષ્ણે અર્જુનને રણમેદાનમાં ઉપદેશ આપ્યો, જેણે માનવતાને કર્મનું મહત્વ સમજાવ્યું, તે કૃષ્ણનું ચરિત્ર અત્યંત પવિત્ર અને પ્રેરણાદાયી છે. તેમને સમજવા માટે કોઈ રાધા કે કોઈ કાલ્પનિક લીલાઓની જરૂર નથી. આપણે કૃષ્ણના જીવનમાંથી એમના દ્વારા આપવામાં આવેલા જીવનના મૂળભૂત પાઠો લેવા જોઈએ, જે આપણને મુશ્કેલીમાં માર્ગદર્શન આપે, અન્યાય સામે લડવાની પ્રેરણા આપે અને જીવનને સાર્થક બનાવવાનો રાહ ચીંધે. જ્યારે આપણે ઓફિશિયલ ગ્રંથોને જ પ્રમાણ માનીએ છીએ, ત્યારે કૃષ્ણનું વ્યક્તિત્વ એક રાજનીતિજ્ઞ અને તત્વજ્ઞાની તરીકે ઉપસી આવે છે, જે કોઈપણ પ્રકારના અનૈતિક કલંકથી મુક્ત છે.

સમાજમાં જાગૃતિ ફેલાવવી જરૂરી છે કે રાધા એક સાહિત્યિક કલ્પના છે, ઐતિહાસિક પાત્ર નહીં, અને ધર્મના નામે જે પણ અનૈતિકતાને પ્રોત્સાહન મળે, તેનો સખત વિરોધ કરવો જોઈએ. કૃષ્ણના સ્વચ્છ ચરિત્રને પુનઃસ્થાપિત કરવા માટે આપણે મૂળ ગ્રંથો તરફ પાછા ફરવું પડશે. જે લેખકોએ ભક્તિના નામે વિકૃતિઓ પેદા કરી છે, તેને સત્યના ત્રાજવે તોળવી પડશે. ધર્મ એ નૈતિકતાનો પાયો છે, અનૈતિકતાનો માર્ગ નથી. જ્યારે આપણે સત્ય અને કલ્પના વચ્ચેનો ભેદ પારખી લઈશું અને કૃષ્ણના મૂળભૂત અને ક્રાંતિકારી ઉપદેશોને જીવનમાં ઉતારીશું, ત્યારે જ આપણે કૃષ્ણનું સાચું અને ગૌરવશાળી ચરિત્ર સમાજ સામે લાવી શકીશું અને ભક્તિના નામે થતી વિકૃતિઓને મૂળમાંથી ઉખેડી શકીશું.

naranbaraiya277@gmail.com

# રથયાત્રાએ જીવંતયાત્રા છે



પ્રાચીન હિંદુ સંસ્કૃતિમાં આધ્યાત્મિકતા અને ઉત્સવનો મહિમા રહેલો છે. ભારતના જે ઉત્સવો અને આધ્યાત્મિક પર્વો પાછળ વૈજ્ઞાનિક,સામાજિક, સાંસ્કૃતિક અને રચનાત્મક દ્રષ્ટિકોણ રહેલો હોય છે. રથયાત્રાએ જીવનયાત્રા છે. સંસારની બધી જ ગતિવિધિઓ ધર્મ અને સમાજ સાથે જોડાયેલી છે. કૃષ્ણ વાસુદેવાય નમઃ આ પૃથ્વી પર દેવોના આશીર્વાદ રહ્યા છે. માનવ જીવનના મૂલ્યો અને આદર્શોને ચરિતાર્થ કરવા માટે રથયાત્રા સામાજિક સમરસતા અને પારિવારિક અનુબંધોને આકાર આપવાનું કાર્ય કરે છે. ભગવાન જગન્નાથની રથયાત્રાએ હિંદુ ધર્મનો એક મુખ્ય અને પૌરાણિક ઉત્સવ છે. આ યાત્રા દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે પરંપરાગત રીતે ઉજવાય છે. ઓડિશાના જગન્નાથપુરીમાં આ યાત્રા સદીઓથી યોજાઈ છે, જ્યારે અમદાવાદમાં ઈ.સ. ૧૮૭૮માં મહંત નરસિંહદાસજી મહારાજ દ્વારા આ પરંપરા શરૂ કરવામાં આવી હતી. રથયાત્રાનો મુખ્ય ઈતિહાસ અને તેની પરંપરા નીચે મુજબ છે પુરીની રથયાત્રા (મૂળ ઈતિહાસ) ઓડિશાના પુરી ખાતે આવેલું જગન્નાથ મંદિર ખૂબ જ પ્રાચીન છે. દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથ, તેમના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા લાકડાના ભવ્ય રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળે છે. એવી માન્યતા છે કે આ દિવસે ભગવાન ભક્તોને દર્શન આપવા સ્વયં સામે ચાલીને તેમની પાસે જાય છે. આ રથયાત્રાપુરીના મુખ્ય મંદિરથી શરૂ થઈને ગુંડિચા મંદિર સુધી જાય છે. શરૂઆતના સમયમાં આ યાત્રા બળદગાડામાં કાઢવામાં આવતી હતી. વર્ષોથી આ યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને ભક્તોને આશીર્વાદ આપે છે.ત્રણ રથના નામ આ યાત્રામાં ભગવાન જગન્નાથનો રથ ''નંદીઘોષ'', ભાઈ બલરામનો રથ ''તાલ'' અને બહેન સુભદ્રાનો રથ ''દર્પદલન'' નામે ઓળખાય છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ભગવાન જગન્નાથ જમાલપુર મંદિરથી રથયાત્રા દ્વારા અનેક માનવ મહેરામણની સાથે નગરયાત્રામાં નીકળે છે ત્યારે નગરજનો ભગવાનના દર્શનનો લ્હાવો લે છે. ભારતએ આસ્થાનું અને શ્રધ્ધાનું કેન્દ્ર છે. જીવ છે તો શિવ છે ઈશ્વર છે તો આ પૃથ્વી છે આધ્યાત્મિકતા છે તો માનવતા છે આ બધા આધ્યાત્મિક પર્વો માનવને માનવ બનવાની કેળવણી પ્રદાન કરે છે સરસપુરમાં જે મામેરુ ભરાઈ છે અને સમગ્ર વિસ્તારના લોકો જમે છે તેની પાછળનું મુખ્ય હેતુ સમાજના વિવિધ જ્ઞાતિબંધુઓમાં સામાજિક કેળવાય તે ઉદ્દેશ રહેલો છે. મામેરુ એ ભાઈ અને બહેનના આત્મીયતાનું સંભારણું છે.

અમદાવાદની નગરયાત્રા સર્વ સમાજના લોકોના હિતાર્થે નીકળે છે. ભગવાન જગન્નાથ સર્વજીવોના કલ્યાણ માટે આશીર્વાદ પ્રદાન કરે છે સર્વજન સુખાય.. સર્વજન હિતાય.. આ ભાવાર્થને રથયાત્રા ચરિતાર્થ કરે છે. દ્વારકાનો નાથ જ્યારે નગરયાત્રા ઉપર નીકળતો હોય ત્યારે પ્રજા તેના દર્શનાર્થે ભાવવિભોર બને છે. પ્રસાદમાં પણ કઠોળ અને સાત્વિક પ્રસાદ આપવામાં આવે છે. જય રણછોડ માખણ ચોર, છોડમાં રણછોડ આ પૃથ્વી પર કૃષ્ણ સાક્ષાત ભગવાન છે. રથયાત્રાનું મૂલ્ય જગન્નાથપુરીમાં છે એટલું જ અમદાવાદનું પણ રહેલું છે. સૌ મારા વાચક વર્ગને રથયાત્રાની શુભકામનાઓ આપનો જીવનરથ નિરંતર પ્રગતિના પંથે ચાલ્યા જ કરે ભાવી પેઢી ઉન્નત અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનવાળી બંને તેવી શુભકામનાઓ પાઠવું છું. જય રણછોડ જય રણછોડ ■

Mo.૯૮૨૫૭૦૨૨૮૨

# શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગ વિષે જાણો



● રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવામાં મદદ

૪. શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગનો પરસ્પર સંબંધ શારીરિક સ્વાસ્થ્ય પોષણ યોગ શરીરને તંદુરસ્ત રાખે જરૂરી પોષક તત્ત્વો પૂરા પાડે

● શરીર અને મનનું સંતુલન જાળવે કાર્યક્ષમતા વધારે

● ઊર્જા અને વિકાસમાં મદદ કરે

● લવચીકતા અને માનસિક શાંતિ આપે રોગોથી બચાવે

● રોગપ્રતિકારક શક્તિ વધારે તણાવ ઘટાડીને આરોગ્ય સુધારે

શરૂઆતમાં સરળ આસનોથી શરૂઆત કરવી.

કોઈ ગંભીર બીમારી, સર્જરી અથવા ગર્ભાવસ્થા હોય તો નિષ્ણાતની સલાહથી યોગ કરવો.

આસનોને બળજબરીથી ન કરવાં અને શરીરની ક્ષમતા મુજબ અભ્યાસ કરવો.

● વિદ્યાર્થીઓ માટે યોગનું મહત્વ
● અભ્યાસમાં ધ્યાન અને એકાગ્રતા વધે છે.
● યાદશક્તિ અને સર્જનાત્મકતા વિકસે છે.
● પરીક્ષાના તણાવમાં ઘટાડો થાય છે.
● શારીરિક અને માનસિક વિકાસમાં મદદરૂપ બને છે.
● શિસ્ત, ધીરજ અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે.

યોગ એ સ્વસ્થ શરીર, શાંત મન અને સંતુલિત જીવન માટેની સર્વાંગી પધ્ધતિ છે. નિયમિત યોગાભ્યાસ વ્યક્તિને શારીરિક તંદુરસ્તી, માનસિક સ્થિરતા અને આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જાય છે. આજના વ્યસ્ત અને તણાવભર્યા જીવનમાં યોગ અપનાવવાથી જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે.

**યોગના મુખ્ય લાભો:**

● શરીરની લવચીકતા અને શક્તિમાં વધારો
● શ્વસનતંત્ર અને રક્ત પરિભ્રમણમાં સુધારો
● તણાવ, ચિંતા અને માનસિક દબાણમાં ઘટાડો
● એકાગ્રતા અને યાદશક્તિમાં વધારો


૫. સમન્વય કેવી રીતે જાળવવો?

● રોજ સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવો.
● દરરોજ ઓછામાં ઓછા ૩૦–૪૫ મિનિટ યોગ અથવા હળવી કસરત કરવી.
● પૂરતી ઊંઘ (૭–૮ કલાક) લેવી.
● પૂરતું પાણી પીવું.
● તાજાં ફળો, શાકભાજી, દાળ, દૂધ અને અનાજનો નિયમિત સમાવેશ કરવો.
● ધૂમ્રપાન, તમાકુ અને આલ્કોહોલ જેવી હાનિકારક આદતોથી દૂર રહેવું.
● નિયમિત ધ્યાન (મેડિટેશન) અને પ્રાણાયામ દ્વારા માનસિક શાંતિ જાળવવી.

નિષ્કર્ષ શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગનો સમન્વય વ્યક્તિને સંપૂર્ણ સ્વાસ્થ્ય તરફ દોરી જાય છે. સંતુલિત આહાર શરીરને જરૂરી પોષણ આપે છે, યોગ શરીર અને મનને સશક્ત બનાવે છે અને બંને મળીને જીવનશૈલીને વધુ સ્વસ્થ, સક્રિય અને સુખમય બનાવે છે. આજના વ્યસ્ત જીવનમાં આ ત્રણેયનો નિયમિત અમલ લાંબા ગાળે સારું આરોગ્ય અને ઉત્તમ જીવન ગુણવત્તા માટે અત્યંત જરૂરી છે

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# બનેવીલાલ પાણી જોઈ જોઈને પળલેલાં તો હતાં જ



"અરે..અરે.. બનેવીલાલ! આ શું નવું લાયા. ચોમાસામાં વળી પાણીનો ફોટો!?"

બેરાલાલને ફોટો જોઈને હમજણ ના પડી, એટલે પુછી જ નાંખ્યું.

બનેવીલાલ પાણી જોઈ જોઈને પળલેલાં તો હતાં જ.

"બેરાલાલ! તમને કાનપુરમાં હડતાળ છે. ઈ વાત હાચી. પણ હવે મગજપુરમા'ય પાણી ઘુસી ગયું છે કે શું?"

"પાણીતો મોટાં મોટાં એપાર્ટમેન્ટમાં'ય ઘુસી ગયું છે. એટલે તો મેં પુછ્યું કે, આ ક્યાનો ફોટો છે?"

"આ સુરતનો ફોટો છે. અને આ મોબાઈલ રીચાર્જનો ફોટો છે."

"એટલે હવે હંધાય મોબાઈલ રીચાર્જ થઈને આવશે એમ!? તો..તો..રીલ જોવાનો ટેસડો પડી જાહે."

"ઈ દિવસો ગ્યા બેરાલાલ! મુકાભાઈએ હંધાયને વ્યસન ઠઠાડવા શરુઆતમાં ડેટા/કોલ હાવ મફતમાં વાપરવા દીધાં. જેવું હંધાયને વ્યસન વળગ્યું કે હવે હંધાયના ખીસ્સા ફાડી નાંખે એવું બીલ આવે છે."

"ઈ બચાડા ગરીબ માણસ ! એને 'ય એન્ટેલિયાનું બીલ આવતું હોય . વનતારાનો'ય ખરસો થાય ને!! પણ, તમે તો કહ્યું કે, આ મોબાઈલ રીચાર્જ છે."

"તે..એ..હજીય કહું છું કે આ મોબાઈલ રીચાર્જ છે. તમે પાણીથી કૂવા રીચાર્જ હાંભળ્યું તું? "

"હા..આ..! ઈ તો હાંભળ્યું જ હોય ને ! દાર રીચાર્જ પણ હાંભળ્યું છે. ચોમાસાનું પાણી કૂવામાં ઉતારો એટલે કૂવા રીચાર્જ. અને દારમાં ઉતારો એટલે દાર રીચાર્જ."

"બસ! તો આ નવું આવ્યું. પાણીથી મોબાઈલ રીચાર્જ. આ પોદાર આર્કેટ ,સુરતનો ફોટો છે. અહીં બધી જ દુકાનો મોબાઈલ શોપ છે. હમણાં હમણાં હંધાય રાડો પાડતાં હતાં કે મોબાઈલ વેચાણમાં મંદી છે. કંઈક એવું થાય કે, ધંધો રીચાર્જ થઈ જાય.

છેવટે વરુણદેવે આ પોકાર હાંભળયો. અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનો એમને સાથ મળ્યો.

જોત -જોતામાં બાર પંદર ઈંચ વરસાદ પડયો. ક્રિકેટની ભાષામાં સટાસટી બોલાવી દીધી. " "હા પણ,કહેવત તો એમ છે ને, ગાજ્યા મેઘ વરસે નહીં."

(ઈ કહેવત અત્યારે ભારતીય ક્રિકેટમાં લાગું પડે છે.કાગળના વાઘ ) બાકી અહીં તો સટાસટી જ બોલી ગઈ.

કોર્પોરેશનની પ્રિ મોન્સુન કામગિરી બે થી ચાર ઈંચની જ હતી- નહોતી .અને વરસાદ પડયો બાર ઈંચ. એટલે એનો લાભ આ પોદાર આર્કેટને મળી ગયો. પોદાર આર્કેટ આખીને આખી રીચાર્જ થઈ ગઈ. "

"બનેવીલાલ! તમે આ કેવી વાત કરો છો? મને હવે થોડો થોડો હમજણનો ટપ્પો પડતો જાય છે. તમે સુરતના પુરની વાત કરો છો? "

"તો પછી તમે હું હમજ્યાં ?"

"ભલાં માણહ ! ક્યાં પુર અને ક્યાં મોબાઈલ રીચાર્જ?? છાપાં વાળાઓ તો કહે છે કે, આ પોદાર આર્કેટ વાળાને હામુ રીચાર્જ બસો અઢીસો કરોડનું કરાવવું પડશે. અને તમે મોબાઈલ રીચાર્જની વાતને ન્યાં ઠઠાડી?? હા પણ થાવા વાળું તો થઈ ગયું. હવે હળવાશ તો કરવી પડે ને !!? આ હંધૂય રીચાર્જ કર્યા પછી, તોય પાણી તો વધ્યું. એટલે કેટ - કેટલીયે સોસાયટીયો અને શોપિંગ સેન્ટરોનો'ય વારો આવી ગયો. કેટ -કેટલીયે આળહુડી બાયુએ ગોદડાં ધોયાં જ નહોતાં. એમનાં હંધાય ગાદલાં ગોદડાં આ પુરે ધોઈ દીધાં."

"બનેવીલાલ મેં હાંભળ્યું છે કે, પાણી ગમે ત્યાં એમની જગ્યા કરી લે છે. આ કેટલું'ક હાચું ?"

"એક હજાર ટકા હાચું. આ પાણી તરત જ ગાંધીનગર સુધી પહોંચ્યું. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના પગ તળે આ પાણીનો રેલો આવ્યો. એની હારે કેટ- કેટલા'ય મંત્રીઓ મારતે ઘોડે સુરત આવી પુગ્યા."

"હા પણ, બનેવીલાલ! ઈ હંધાયે અહીં સુધી કાં ધકો ખાધો!? સુરતમાં તો હકડેઠઠ માણસો છે."

"સુરતનાં પ્રથમ નાગરિક મેયર જ મેયર તો આવાં પુરના પાણીથી એટલાં બધાં ઠીંગરાઈ ગયાં કે શું બોલવું? અને શું ન બોલવું?? ઈ જ ગતાગમ નો પડી.એટલે ઠે..ઠ ગાંધીનગર વાળાને ધકો થયો."

"તો પછી..એ ગાંધીનગર વાળા હું કરીને ગયાં? કાંઈ આપતાં ગયાં? કે કાંઈ લેતાં ગયાં?"

"આપવામાં તો ટાઈપ કરેલી શિખામણ (પુર આવ્યું એમાં જે પણ દોશી હશે એમને છોડવામાં નહીં આવે) દર વર્ષે ખાડીમાં પુર આવે જ છે. તો ખાડીને હરખી કરવાની વાત કરી. ખાડી કાંઠે જેમણે જેમણે દબાણ કર્યું છે. અને કરાવ્યું છે. એમને 'ય છોડવામાં નહીં આવે. આવી ઘસાઈ ગયેલી કેસેટ વગાડી. "

"ઈ હંધૂય હાચું. પણ તમને લાગે છે કે , અધિકારીઓ અને પદાધિકારીઓ પોતાનાં પગ ઉપર કૂહાડો મારશે!?? સત્તાધારી હંધાયે આ ખાડીના પુરમાં હાથ એંઠા કર્યા છે. અને ધોયા'ય છે. આ પાણીનો રેલો એનાં સુધી આવે એવું એ કરશે?"

"હવે ઈ તો સમય જ કહેશે. અને સમય ક્યાં એક જગ્યાએ ટકી રહે છે? રહ્યો માણસ!! તો માણસ તો કેટલું'ક યાદ રાખે? અને એમાં'ય એ.આઈ.નો જમાનો છે. ગુગલ ગુરુનો જમાનો છે. આજકાલ માણસો યાદ જ ક્યાં રાખે છે!?? જરાંક જરૂર પડી કે, પુછો ગુગલને. " "તો..ઓ.. આવું હંધૂય ક્યાં સુધી હાલશે??"

"બીજું પુર નો આવે ત્યાં સુધી..!!!"

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# ચાલો ચેન્નાઈમાં ફરીએ..



(૧) મરિના બીચ: વિશ્વના સૌથી લાંબા શહેરી દરિયાકિનારા પૈકીનો એક બીચ, જ્યાં સાંજની ઠંડી હવાની મજા માણી શકાય છે. મરીના બીચ એ બંગાળની ખાડીને કિનારે ૧૩ કિમી લાંબો શહેરી બીચ છે. જે ઉત્તરમાં ફોર્ટ સેન્ટ જ્યોર્જથી દક્ષિણમાં ફોરશોર એસ્ટેટ સુધી ફેલાયેલો છે. જે ભારતના સૌથી લાંબા બીચ અને વિશ્વના સૌથી લાંબા બીચ પૈકીનો એક છે. સપ્તાહમાં લગભગ ૫૦,૦૦૦ મુલાકાતીઓને આકર્ષે છે. મરીનાના આકર્ષણમાં ચેન્નાઈ લાઈટહાઉસ , એમજીઆર મેમોરિયલ , અન્ના મેમોરિયલ અને જયલલિતા મેમોરિયલનો સમાવેશ થાય છે. મરીનાના ૬ કિમી લાંબા પ્રોમેનેડમાં મહાત્મા ગાંધી, એની બેસન્ટ, રોબર્ટ કેલ્ડવેલ, તિરુવલ્લુવર, ભારતીયાર અને કામરાજર જેવાં ઐતિહાસિક વ્યક્તિની પ્રતિમાઓ છે. ૧૮૯૭માં ચેન્નાઈ (તે સમયનું મદ્રાસ)ની મુલાકાત દરમિયાન સ્વામી વિવેકાનંદ નવ દિવસ જ્યાં રોકાયા હતા તે સ્થળ તરીકે વિવેકાનંદ ઈલમ કે વિવેકાનંદના ઘરને યાદ કરે છે. વિવેકાનંદ હાઉસમાં ભારતીય સંસ્કૃતિ પર કાયમી પ્રદર્શન છે. મરીના બીચ પર વ્યસ્ત કામરાજાર સલાઈ પર સ્થિત આવેલું છે.

(૨) એલિયટ બીચ: જે બેસન્ટ નગર બીચ તરીકે પણ ઓળખાય છે, તે મરીના બીચ જ્યાંથી સમાપ્ત થાય છે ત્યાંથી શરૂ થાય છે. આ બીચ તેના શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે અને મૉર્નિંગ વોક કરનારામાં તે વધુ સારું છે. ડચ નાવિકના નામ પરથી પ્રતિષ્ઠિત કાર્લ શ્મિટ સ્મારક, જેણે બીજાંને ડૂબતાં બચાવવાની પ્રક્રિયામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો, તે એલિયટના બીચના હૃદયમાં આવેલું છે.

(૩) કપાલિશ્વર મંદિર: માયલાપોરમાં આવેલું આ ભવ્ય શિવ મંદિર દ્રવિડ સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે.માયલાપોરમાં આવેલું કપાલીશ્વર મંદિર, જે ૭મી સદીમાં પલ્લવો દ્વારા બનાવવામાં આવ્યું હોવાનો અંદાજ છે. તેના પર ૧૨મી સદીના શિલાલેખો છે, તે શહેરની મુલાકાત લેતા પ્રવાસીઓ દ્વારા સૌથી વધુ મુલાકાત લેવાયેલા પૂજા સ્થળોમાંનું એક છે.

(૪) દક્ષિણચિત્ર: એક જીવંત મ્યુઝિયમ, જે દક્ષિણ ભારતીય સંસ્કૃતિ, હસ્તકલા અને પરંપરાગત ઘરો પ્રદર્શિત કરે છે.

(૫) ગિંડી રાષ્ટ્રીય ઉદ્યાન: શહેરની વચ્ચે આવેલું પ્રાણી સંગ્રહાલય અને નેશનલ પાર્ક, જે પ્રકૃતિ પ્રેમીઓ માટે ઉત્તમ છે.

(૬) ફોર્ટ સેન્ટ જ્યોર્જ : બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા બનાવવામાં આવેલો ભારતનો પ્રથમ અંગ્રેજી કિલ્લો, જેમાં એક મ્યુઝિયમ પણ છે.

(૭) અષ્ટલક્ષ્મી મંદિર: બીચની નજીક આવેલું આ મંદિર માતા લક્ષ્મીના આઠ સ્વરૂપોને સમર્પિત છે. આ મંદિર દર્શનીય છે.

(૮) સરકારી સંગ્રહાલ: છ ઈમારત અને ૪૬ ગેલેરી ધરાવતું આ સંગ્રહાલય લગભગ ૧૬.૨૫ એકર (૬૬,૦૦૦ ચો મી)જમીન વિસ્તારને આવરે છે. સંગ્રહાલયમાં પ્રદર્શિત વસ્તુઓમાં પુરાતત્ત્વ, સિક્કાશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કુદરતી ઈતિહાસ, શિલ્પો, તાડના પાનની હસ્તપ્રતો અને અમરાવતી ચિત્રો જેવાં વિવિધ ક્ષેત્રને આવરી લેતી વિવિધ કલાકૃતિ અને વસ્તુનો સમાવેશ થાય છે. એગમોરમાં સરકારી સંગ્રહાલય સંકુલમાં કોનેમારા પબ્લિક લાઈબ્રેરી અને નેશનલ આર્ટ ગેલેરી પણ છે. કોનેમારા પબ્લિક લાઈબ્રેરી એ ચાર નેશનલ ડિપોઝિટરી લાઈબ્રેરીઓમાંની એક છે. નેશનલ આર્ટ ગેલેરી ઈમારત દેશના શ્રેષ્ઠ ઈન્ડો-સાર્સેનિક પ્રકારના સ્થાપત્યોમાંની એક છે.

(૯) ચેન્નાઈ રેલ મ્યુઝિયમ: ચેન્નઈ રેલ મ્યુઝિયમ પેરામ્બુરમાં આવેલું એક રેલ મ્યુઝિયમ છે જે ભારતનો સમૃધ્ધ રેલ વારસો ધરાવે છે, જેમાં બ્રિટિશ રાજના વિવિધ દાયકાથી જોડાયેલા સ્ટીમ એન્જિનના વિશાળ સંગ્રહ સાથે ટેકનિકલ અને હેરિટેજ પ્રદર્શન છે . વિલ્લીવક્કમ નજીક ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરીના પરિસરમાં આવેલું છે. મોટાભાગના જૂના મોડેલો નોર્થ બ્રિટિશ લોકોમોટિવ કંપની દ્વારા બનાવ્યા હતા. મ્યુઝિયમ મંગળવારથી રવિવાર સુધી સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી (છેલ્લી એન્ટ્રી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી) ખુલ્લું રહે છે. દર સોમવાર અને રાષ્ટ્રીય રજાઓ પર બંધ રહે છે. ઈન્ડોર આર્ટ ગેલેરી હવે સંપૂર્ણપણે નવીનીકરણ કરવામાં આવી છે અને જાહેર જનતા માટે ખુલ્લી છે.

(૧૦) બિરલા પ્લેનેટેરિયમ: એક આધુનિક પ્લેનેટેરિયમ જે રાત્રિના આકાશનો વર્ચ્યુઅલ પ્રવાસ પૂરો પાડે છે અને ખાસ છિદ્રિત ગોળાર્ધ એલ્યુમિનિયમ આંતરિક ગુંબજ પર કોસ્મિક શોનું આયોજન કરે છે. તે કોટ્ટુરપુરમ ખાતે પેરિયાર સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર કેમ્પસમાં આવેલું છે, જેમાં ૫૦૦થી વધુ પ્રદર્શન દર્શાવતી ૮ ગેલેરી છે.પ્લેનેટેરિયમ દરરોજ અંગ્રેજી-તમિલમાં અલગ અલગ સમયે સૂર્યમંડળ, ગ્રહણ , પૃથ્વી , ચંદ્ર પર માણસ , ધૂમકેતુ , ઉલ્કાપિંડો , તારાનું ચક્ર અને ઊંડા આકાશના શોનું આયોજન કરે છે . પ્લેનેટેરિયમનું ૩૬૦-ડિગ્રી સ્કાય થિયેટર ભારતમાં આ પ્રથમ છે. પ્લેનેટેરિયમ મહિનાના દર બીજા શનિવારે સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી રાત્રિના આકાશને જોવા શોનું આયોજન કરે છે.

(૧૧) ફોર્ટ સેન્ટ જ્યોર્જ કિલ્લો: જે ભારતના પ્રથમ બ્રિટીશ કિલ્લાનું નામ છે , જેની સ્થાપના ૧૬૩૯માં મદ્રાસમાં કરી હતી. આ કિલ્લો ૬ મીટર ઉંચી (૨૦ ફૂટ) દીવાલો ધરાવતો ગઢ છે જે ૧૮મી સદીમાં થયેલા અનેક હુમલાનો સામનો કરી શક્યો હતો. હાલ કિલ્લામાં તમિલનાડુ વિધાનસભા અને અન્ય સત્તાવાર ઈમારત છે. કિલ્લાની અંદર હાજર અન્ય સ્મારકોમાં સેન્ટ મેરી ચર્ચ , ભારતનું સૌથી જૂનું એંગ્લિકન ચર્ચ અને વેલેસ્લી હાઉસનો સમાવેશ થાય છે, જેમાં કિલ્લાના રાજ્યપાલ અને શાસનના અન્ય ઉચ્ચ અધિકારીના ચિત્રો છે.


(૧૨) અરિગ્નાર અન્ના ઝૂઓલોજિકલ પાર્ક: જે વાન્ડાલુર ઝૂ તરીકે વધુ જાણીતું છે શહેરના દક્ષિણ-પશ્ચિમમાં આવેલું છે. ૧૪૯૦ એકર વિસ્તારમાં ફેલાયેલું, તે ભારતનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય છે. તેમાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, સરિસૃપ, ઉભયજીવી અને માછલી સહિત ૧૭૦ વિવિધ પ્રજાતિના ૨૨૦૦ પ્રાણી છે. પ્રાણી સંગ્રહાલયમાં સિંહ સફારી, હાથી સફારી, નિશાચર પ્રાણીઓનું ઘર, વોક-થ્રુ એવિયરી, બટરફ્લાય હાઉસ, સરિસૃપ ઘર અને મગર માટેનું ઘર પણ છે. પાર્કમાં કેમ્પસમાં લાંબા ટ્રેક માટે વૃક્ષોથી બનેલા રસ્તા છે, જેથી મુલાકાતીઓ ૧૫ થી ૨૦ કિલોમીટર (૯.૩ થી ૧૨.૪ માઈલ) ચાલી શકે છે.

(૧૩) ક્રોકોડાઈલ બેંક મ્યુઝિયમ: શહેરની દક્ષિણમાં, ઈસ્ટ કોસ્ટ રોડ પર સ્થિત મદ્રાસ ક્રોકોડાઈલ બેંક ટ્રસ્ટ , હર્પેટોલોજિકલ સંશોધનનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. જ્યાં મીઠા અને ખારા પાણીના મગર, ઘડિયાલ, કાચબા અને સાપ રહે છે . ૧૯૭૬માં રોમ્યુલસ વ્હીટેકર સ્થાપિત, ક્રોકબેંકમાં કુલ ૨,૪૮૩ પ્રાણીઓ છે,જેમાં મગરની ૧૪, કાચબાની ૧૦, સાપની ૩ અને ગરોળીની ૧ પ્રજાતિનો સમાવેશ થાય છે. આ બેંક વિશ્વભરની ૨૩ મગર પ્રજાતિમાંથી ૧૪ પ્રજાતિનું ઘર છે.

(૧૪) ટ્રિપ્લિકેનમાં પાર્થસારથી મંદિર: ૮મી સદીનું હિન્દુ વૈષ્ણવ મંદિર જે ભગવાન કૃષ્ણને સમર્પિત છે. આ મંદિર ચેન્નાઈની સૌથી જૂની રચનાઓમાંની એક છે.

પ્રવાસનામા
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# રમતિયાળ કેળું



ચિન્ટુ નામનો એક વાંદરો હતો. એને કેળાં બહુ ભાવે! સવારે ઊઠે એટલે કેળાં શોધવા નીકળી પડે.

એક દિવસ સવાર-સવારમાં ચિન્ટુ કેળું શોધવા નીકળી પડ્યો. શોધતાં શોધતાં એને એક લાંબું અને પીળું કેળું મળી ગયું. લાંબુ ને પીળું કેળું જોઈ એ રાજીરાજી થઈ ગયો.! કેળું એટલું પીળું ને ચમકતું હતું કે જાણે હસતું હોય!

ચિન્ટુના મોઢામાં પાણી આવી ગયું. એ તો કૂદકો મારીને કેળા પાસે પહોંચી ગયો. કેળું પકડવા એણે હાથ લંબાવ્યો. પણ કેળું ટપ કરતું નીચે પડી ગયું! ચિન્ટુએ તેને પકડવા ગયો. પણ કેળું જમીન પર ગબડવા લાગ્યું! ગબડતું-ગબડતું આગળ જાય અને ને ચિન્ટુ પાછળ! ચિન્ટુ કહે, "અરે ઓ લાંબા-લાંબા કેળાભાઈ, જરા થોભો તો ખરા!"

પણ કેળું તો કોઈનુંય ન સાંભળે! એ તો આગળ ને આગળ ગબડતું જ રહ્યું. રસ્તામાં ગજ્જુ હાથી સૂતો હતો. કેળું સીધું જઈને ગજ્જુ હાથીની સુંઢ પર અથડાયું! ગજ્જુ હાથી તો ચમકી ગયો, "અરે! આ કોણ છે? મારી સૂંઢ સાથે કોણ અથડાયું?"

ગજ્જુએ સૂંઢ હલાવી ને કેળું પાછું હવામાં ઊછળ્યું. ઊછળીને સીધું સસલાભાઈના કાન પર જઈને બેઠું! સસલાભાઈ તો કૂદાકૂદ કરવા લાગ્યા. આ જોઈને ચિન્ટુને એટલું હસવું આવ્યું કે તે તો પેટ પકડીને હસવા લાગ્યો. કેળું આમથી તેમ ઊછળકૂદ કરતું હતું.

કૂદમકૂદ કરતાં કરતાં પેલું લાંબું-પીળું કેળું સીધું ચિન્ટુના ખોળામાં આવીને પડ્યું! ચિન્ટુ તો રાજીના રેડ થઈ ગયો!

તેણે જોયું તો કેળું તો હજી પણ એવું જ લાંબું ને પીળું હતું. પણ હવે તે ભાગતું નહોતું. ચિન્ટુએ વિચાર્યું, "આ કેળું તો બહુ રમતિયાળ છે!"

ચિન્ટુએ કેળાની છાલ ઊતારી. અંદરથી સફેદ-મીઠું કેળું નીકળ્યું. તેણે ગજ્જુ હાથી અને સસલાભાઈને પણ બોલાવ્યા. બધાએ સાથે મળીને કેળાની મિજબાની માણી. બધા મિત્રો ખડખડાટ હસી પડ્યા.

રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ "I. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

### ધારી પત્રકાર સંઘ, બ્રોડગેજ સમિતિ અને વેપારી આગેવાનો ગાંધીનગર પહોંચ્યા

# અમરેલીથી વિસાવદર બ્રોડગેજ સુવિધા માટે મુખ્યમંત્રી સમક્ષ ઉગ્ર રજૂઆત

**રાજ્ય સરકાર જરૂરી પ્રયાસો કરશે તેવી મુખ્યમંત્રીએ ખાતરી આપી**

અમરેલી,તા.૧૪

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા પ્રયાસોને વધુ વેગ આપવા ધારી પત્રકાર સંઘ, અમરેલી બ્રોડગેજ સમિતિ તથા ચલાલાના વેપારી આગેવાનો સહિતના પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી હતી. આ દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાને પણ માંગણીપત્ર પાઠવીને આ મહત્વપૂર્ણ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી રહી હતી ત્યારે ધારાસભ્ય જે.વી. કાકડિયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુ તેમજ જિલ્લા પંચાયતના સભ્ય ઘનશ્યામભાઈ હિરપરા પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત વિસાવદરના પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રિબડિયાએ પણ આ વિસ્તારના લોકોની લાંબા સમયથી રહેલી માંગને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી સમક્ષ લેખિત



રજૂઆત કરી હતી.અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે લાઈનની સુવિધા ઉપલબ્ધ થાય તો ધારી, ચલાલા, વિસાવદર સહિતના વિસ્તારોના લાખો લોકોને સીધો લાભ મળી શકે છે. વેપાર, ઉદ્યોગ, કૃષિ ઉત્પાદનના પરિવહન તેમજ મુસાફરીની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે અને રોજગારીની તકો વધશે. આ જ કારણસર મિશન બ્રોડગેજ નામે બિનરાજકીય અભિયાન છેલ્લા ત્રણ મહિનાથી સરકાર સમક્ષ સતત રજૂઆતો કરી રહ્યું છે.પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે આ વિસ્તારના લોકો માટે બ્રોડગેજ સુવિધા માત્ર પરિવહનની જરૂરિયાત નથી પરંતુ વિકાસ સાથે જોડાયેલો મહત્વનો પ્રશ્ન છે. અનેક વર્ષોથી આ માંગણી કરવામાં આવી રહી છે અને હવે તેને હકીકતમાં ફેરવવા માટે સરકાર તરફથી યોગ્ય પગલાં ભરવાની જરૂરિયાત છે.રજૂઆત દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રતિનિધિમંડળની વાત ધ્યાનપૂર્વક સાંભળી હતી અને આગામી સમયમાં અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર પણ જરૂરી પ્રયાસો કરશે તેવી ખાતરી આપી હતી. મુખ્યમંત્રીના આ પ્રતિસાદથી પ્રતિનિધિમંડળમાં આશાવાદનું વાતાવરણ જોવા મળ્યું હતું. ધારી, ચલાલા અને વિસાવદર વિસ્તારના લોકો હવે સરકારના પ્રયાસોથી બ્રોડગેજ સુવિધાનું સ્વપ્ન સાકાર થશે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે.

## અમરેલી જિલ્લા પંચાયત રોડ પર ૧૫ દિવસ વાહનવ્યવહાર બંધ રહેશે

અમરેલી,તા.૧૪

અમરેલી શહેરના જિલ્લા પંચાયત રોડ પર માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવતા આ રોડ પર ૧૫ જુલાઈથી ૩૦ જુલાઈ ૨૦૨૬ સુધી વાહનોની અવરજવર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમરેલી નગરપાલિકા દ્વારા જિલ્લા ટ્રાફિક પોલીસને આ અંગે જાણ કરવામાં આવી છે. રોડની કામગીરી ઝડપી અને સુરક્ષીત રીતે પુરી થાય તે માટે રોડના પ્રવેશ પોઈન્ટ પર જરૂરી બેરિકેડીંગ કરી ટ્રાફિક ડાયવર્ટ કરવાની અપીલ કરવામાં આવી છે. કામગીરી દરમિયાન વાહનચાલકોને મુશ્કેલી ન પડે અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા જરૂરી પગલા લેવાશે. નગરપાલિકાએ જણાવ્યું છે કે કામગીરી વહેલી પુરી થશે તો લોકોની સુવિધા માટે રોડ સમય પહેલા પણ ખુલ્લો મુકવામાં આવી શકે છે.

## હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાને બે ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલો કરતા એક ભારતીયનું મોત, આઠ ઘાયલ

**યુએઈએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું**

તહેરાન,તા.૧૪

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થતાં મધ્ય પૂર્વમાં ફરી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં યુએઈ (UAE) ના 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના બે ઓઈલ ટેન્કરો પર ક્રુઝ મિસાઈલ વડે હુમલો કર્યો છે. આ હુમલામાં મોમ્બાસા જહાજ પર સવાર એક ભારતીય



નાવિકનું મોત નીપજ્યું છે, જ્યારે આઠ અન્ય લોકો ઘાયલ થયા છે.

યુએઈ સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, ઘાયલોમાં છ ભારતીયો અને બે યુક્રેનિયન નાગરિકોનો સમાવેશ થાય છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે. આ હુમલા બાદ બંને જહાજોમાં ભારે આગ લાગી હતી. યુએઈએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણાવી આકરી નિંદા કરી છે અને પોતાની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવાની ચીમકી આપી છે.

## વડોદરામાં ભંગારના ધંધાની અદાવતમાં સગીરની હત્યા

વડોદરા,તા.૧૪

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં ભંગારના ધંધાની હરીફાઈ અને નાણાંકીય લેતી-દેતીના વિવાદમાં એક સગીરની હત્યા થતાં ચકચાર મચી ગઈ છે. રાજસ્થાનથી વેકેશનમાં માતા-પિતાને મળવા આવેલો ૧૭ વર્ષીય સુમિત વણઝારા ધોરણ-૧૧માં ભણતો હતો. મોડીરાત્રે તેના પિતા વિક્રમ વણઝારા પર સમાજના જ કેટલાક લોકોએ ધારદાર હથિયારથી હુમલો કર્યો હતો. પિતાને બચાવવા વચ્ચે પડેલા સુમિત પર હુમલાખોરોએ ચાકુના ઘા ઝીંકી દીધા હતા.

ગંભીર ઈજાગ્રસ્ત સુમિતને સયાજી હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો, જ્યારે પિતા સારવાર હેઠળ છે. બાપોદ પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીઓને પકડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

## ઓમાનના દરિયાકાંઠે ભારતીય નાવિકના મોત મામલે વિદેશ મંત્રાલયે ઈરાની રાજદ્વારીને સમન્સ પાઠવ્યા

નવી દિલ્હી,તા.૧૪



ઓમાનના દરિયાકાંઠે હોર્મુઝ સ્ટ્રેટમાં વેપારી જહાજો પર થયેલા તાજેતરના હુમલામાં એક ભારતીય નાવિકનું મોત થતાં ભારતે કડક વલણ અપનાવ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે આ મામલે ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશન મોહમ્મદ જાવદ હુસેનીને સમન્સ પાઠવીને નવી દિલ્હી ખાતે બોલાવ્યા હતા અને આ ઘટના અંગે સખત વિરોધ સાથે જવાબો માંગ્યા હતા.

યુએઈ (UAE) ના ધ્વજવાળા બે તેલ ટેન્કરો પર થયેલા મિસાઈલ હુમલામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મૃત્યુ થયું હતું અને અન્ય ઘણા ભારતીય નાગરિકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ વૈશ્વિક ઉર્જા પરિવહન માટેના આ મુખ્ય દરિયાઈ માર્ગ પર વાણિજ્યિક જહાજોની સુરક્ષા અંગે આંતરરાષ્ટ્રીય ચિંતા વધી છે. યુએઈએ પણ આ હુમલાની આકરી નિંદા કરતા તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે.

## સુરતમાં સનાળીયા ગામની ૩૦૦થી વધુ બહેન-દીકરીઓનું 'ચાલો સખી મહિયરમાં' સ્નેહમિલન યોજાયું

સુરત,તા.૧૪

લીલીયા તાલુકાના સનાળીયા ગામની બહેન-દીકરીઓનું સ્નેહમિલન-'ચાલો સખી મહિયરમાં' રવિવારે સુરતના યોગીચોક સ્થિત શિવ પાર્ટી પ્લોટ ખાતે હતું. બપોરે ૪ થી સાંજે ૯ વાગ્યા સુધી ચાલેલા કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી. વર્ષો બાદ એક



જ સ્થળે આશરે ૩૦૦થી વધુ બહેનો, દીકરીઓ અને ફઈઓ એકત્ર થતાં સમગ્ર માહોલ લાગણીસભર બની ગયો હતો. કાર્યક્રમમાં વિવિધ રમતો, રાસ-ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહેનો, દીકરીઓ અને ફઈઓએ એક સાથે ભેગા થઈને નાનપણની ગામડાઓમાં વિતાવેલી યાદો ને ફરી તાજી કરી હતી અને વિવિધ નાનપણની રમતો રમ્યાં હતા. આ સાથે આયોજકોએ બહેનો, દીકરીઓ અને ફઈઓનો સત્કાર કર્યો હતો. સમયનું પરિવર્તન અને જીવનની વ્યસ્તતા છતાં, આ સ્નેહમિલને વર્ષોનું અંતર પળવારમાં દૂર કર્યું હતું.

## લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

લીલીયા,તા.૧૪

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે આગામી તહેવારોમાં શાંતિ અને કોમી એકતા જળવાઈ રહે તે હેતુથી એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. ઈન્ચાર્જ પી.એસ.આઈ. એચ. એમ. અગ્રાવતના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં નાગરિકોને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અપીલ કરાઈ હતી, તેમજ સોશિયલ મીડિયાની અફવાઓથી દૂર રહી ભાઈચારો જાળવવા ચર્ચા થઈ હતી. આ બેઠકમાં સરપંચ વિજય શેખલીયા,



પૂર્વ સરપંચ જીવનભાઈ વોરા, મુકેશભાઈ શિરમાન, મુસ્તાક બેલીમ સહિત બંને સમાજના સામાજિક-રાજકીય અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કોડીનારના ઘાટવડમાં શિંગોડા કેનાલનો પુલ જર્જરિત થતા અકસ્માતનો ભય

કોડીનાર,તા.૧૪



કોડીનાર તાલુકાના ઘાટવડ ગામમાં શિંગોડા નદીની કેનાલ પર આવેલો પુલ અત્યંત જર્જરિત હાલતમાં પહોંચ્યો છે. ગામને કોડીનાર-અમરેલી સ્ટેટ હાઈવે સાથે જોડતો આ પુલ અવરજવરનો મુખ્ય માર્ગ છે. પુલ ઉપરથી સામાન્ય દેખાતો હોવા છતાં નીચેના ભાગમાં સિમેન્ટના મોટા પોપડા ખસી રહ્યા છે અને લોખંડના સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે. પુલની હાલતને લઈને ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ છે અને તાત્કાલિક મરામતની માંગ ઉઠી છે.

## ઉના તાલુકાના શાડેસર ગામે ગાંજાના વાવેતરનો પર્દાફાશ

ઉના,તા.૧૪

ઉના તાલુકાના શાડેસર ગામે ગાંજાનું વાવેતર કરવામાં આવતું હોવાની બાતમીના આધારે ગીર સોમનાથ જિલ્લા એસઓજી ટીમે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન અરજણભાઈ ચીનાભાઈ બાંભણીયાની વાડીમાંથી અંદાજે ૩૦ જેટલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા ગાંજાનું વજન ૨૦૫ ગ્રામ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ૧૦,૨૫૦ રૂપિયાના ગાંજાના છોડ, ૫૦૦ રૂપિયાનો મોબાઈલ સહિત કુલ ૧૦,૭૫૦



રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ ગીરગઢડા તાલુકાના ઝુડવડલી ગામે પણ ગાંજાના વાવેતર અંગે એસઓજી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

## રાજકોટમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૮૭ લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી

રાજકોટ,તા.૧૪

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની સર્જાયેલી તાતી જરૂરિયાતને પહોંચી વળવા માટે એક વિશેષ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ રાજકોટ અને ખોડલધામ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન અને કર્મયોગ



ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી જી.આઈ.ડી.સી. મેટોડા સ્થિત ડેકોરા ભવન ખાતે યોજાયેલા આ કેમ્પમાં ૮૭ લોકોએ અમૂલ્ય રક્તદાન કર્યું હતું. જેમાંથી રાજકોટ સિવિલ બ્લડ બેંકને ૫૫ અને ઈન્ડિયન રેડક્રોસ બ્લડ બેંકને ૩૨ બ્લડ બોટલ્સ અર્પણ કરવામાં આવી હતી. તમામ રક્તદાતાઓને આકર્ષક ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કેમ્પને સફળ બનાવવા જયંત અગ્રવાલ, મિતેશ મહેતા, જતિન ધોળકિયા, આનંદસીંગ ઠાકુર અને વિનય જસાણીએ ભારે જહેમત ઉઠાવી હતી. આયોજકોએ લોકોને જન્મદિવસ કે સ્મૃતિ દિવસ જેવા પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજવા અપીલ કરી છે, તેમજ વિવિધ માનવસેવા કાર્યો માટે વિનય જસાણી (૯૪૨૮૨ ૦૦૬૯૦) નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## ઉના પંથકમાં એસ.ટી. બસની અછતથી વિદ્યાર્થીઓએ જોખમી મુસાફરી કરી

ઉના,તા.૧૪

ઉના પંથકના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. બસની પૂરતી સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એક ગામથી બીજા ગામ જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક ગામોમાં હજુ સુધી નિયમિત બસ સેવા ઉપલબ્ધ નથી. તાજેતરમાં માણેકપુરથી સીમર તરફ જતા માર્ગ પર



વિદ્યાર્થીઓ ખુલ્લા ટેમ્પોમાં ઊભા રહી મુસાફરી કરતા જોવા મળ્યા હતા. ટેમ્પો ચાલક દ્વારા પણ વાહન ઝડપી ગતિએ હંકારવામાં આવતું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આવી સ્થિતિમાં અકસ્માત સર્જાય તો વિદ્યાર્થીઓના જીવને ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. સ્થાનિક લોકો દ્વારા વહીવટી તંત્ર, પોલીસ અને આરટીઓ વિભાગને યોગ્ય તપાસ કરીને ગેરકાયદેસર અને નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ એસ.ટી. બસ સેવા શરૂ કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

# મોટી મારડ ગામની વાડીમાંથી દંપતીના લોહીલુહાણ મૃતદેહ મળી આવતા ચકચાર

રાજકોટ,તા.૧૪

ધોરાજીના મોટી મારડ ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી આજે સવારે બે શ્રમિકોના લોહીલુહાણ મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી વ્યાપી ગઈ છે. માત્ર બે મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલા આ નવદંપતીની કોઈ તીક્ષ્ણ હથિયારના ઉપરાઉપરી ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. વાડી


તસવીર : નયન કુહાડીયા

માલિક જ્યારે સવારે ત્યાં પહોંચ્યા ત્યારે આ લોહીલુહાણ નજારો જોઈને તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક યુવક-યુવતી વાડીના ભાગિયાની દીકરી અને જમાઈ હતા. સ્થાનિક ચર્ચા મુજબ પરિવારની અન્ય એક બહેન અગાઉ ભાગી ગઈ હતી, જેની અદાવતમાં અથવા અન્ય કોઈ અગમ્ય કારણોસર આ ક્રૂર હત્યા કરાઈ હોવાની આશંકા છે. ઘટનાની ગંભીરતા જોઈ ધોરાજી, પાટણવાવ પોલીસ અને એલ.સી.બી. સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. પોલીસે હત્યારાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે અને વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવા એફ.એસ.એલ.ની મદદ લેવાઈ રહી છે.

# ૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ કરનારા કર્મચારીઓને OPSનો લાભ મળવાની શક્યતા

અમદાવાદ,તા.૧૪

રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૫ બાદ નિમણૂંક પામેલા પરંતુ ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલા ભરતી પ્રક્રિયા પૂર્ણ કરનારા કર્મચારીઓને જૂની પેન્શન યોજના (OPS)નો લાભ આપવા માટે કાર્યવાહી શરૂ કરી છે. પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરીએ તમામ વિભાગો પાસેથી પાત્ર કર્મચારીઓની વિગતો મંગાવી છે. અંદાજે



૬૦ હજાર જેટલા કર્મચારીઓ એવા છે કે જેમની ભરતી પ્રક્રિયા ૨૦૦૫ પહેલા પૂર્ણ થઈ હતી પરંતુ વહીવટી કારણોસર અથવા કાનૂની વિવાદોના કારણે તેમની નિમણૂંક બાદમાં થઈ હતી. નાણા વિભાગના ૨૦૨૪ના ઠરાવ મુજબ આવા કર્મચારીઓ OPSમાં જોડાવા પાત્ર બની શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પસંદ થયેલા, કોર્ટ કેસના કારણે વિલંબથી નિમણૂંક પામેલા તેમજ ફિક્સ પગાર હેઠળ સેવા આપ્યા બાદ નિયમિત કરાયેલા કેટલાક કર્મચારીઓનો પણ તેમાં સમાવેશ થઈ શકે છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી લાંબા સમયથી OPSની માંગ કરી રહેલા કર્મચારીઓ અને અધિકારીઓમાં આશા જાગી છે.

# દુષ્કર્મનો ભોગ બનેલી બે સગીરાઓને હાઈકોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી

અમદાવાદ,તા.૧૪



ગુજરાત હાઈકોર્ટે સાબરકાંઠા અને કચ્છની બે દુષ્કર્મ પીડિત સગીરાઓને ગર્ભપાત કરવાની મંજૂરી આપી છે. કોર્ટે પીડિતાઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કર્યો હતો. ગર્ભપાતની પ્રક્રિયા માટે નિષ્ણાત ડૉક્ટરોની વિશેષ પેનલ બનાવવામાં આવશે. સાથે જ કાનૂની તપાસ માટે ગર્ભના ડીએનએ નમૂનાઓ સુરક્ષિત રાખવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. કોર્ટે અગાઉના સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો પણ આધાર લીધો હતો.

# રાજકોટ શહેરમાં રથયાત્રા પૂર્વે ગેરકાયદે હથિયારો સાથે ૬ આરોપી ઝડપાયા

રાજકોટ,તા.૧૪

અષાઢી બીજની રથયાત્રા પૂર્વે રાજકોટ પોલીસની પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચે (પીસીબી) એક મોટી સફળતા મેળવીને આંતરરાજ્ય ગેરકાયદે હથિયાર સપ્લાય કરવાના રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે મધ્યપ્રદેશના મુખ્ય સપ્લાયર શકીલ મન્સુરી સહિત કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૧૦ દેશી પિસ્તોલ, ૫ કટ્ટા, ૧ રિવોલ્વર અને ૩૦ જીવતા કાર્ટીઝ સહિત કુલ ૧૮ હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપી શકીલ છેલ્લા બે વર્ષથી સૌરાષ્ટ્રમાં ૧૦થી ૧૫ હજાર રૂપિયામાં



ગેરકાયદે હથિયારો સપ્લાય કરતો હતો. કોર્ટે આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે, જે દરમિયાન વધુ એક આરોપી સંદીપ પરમારની ધરપકડ કરીને તેની પાસેથી પણ બે હથિયાર મેળવાયા હતા. બીજી તરફ, નાના મવા ગામતળમાં થયેલા ફાયરિંગ અને મર્ડર કેસની ઊંડી તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચે પીઆઈ એમ. એલ. ડામોરના નેતૃત્વમાં ખાસ એસઆઈટીની રચના કરી છે જે હથિયારોના સ્ત્રોતની તપાસ કરી રહી છે.

# જૂનાગઢ ભવનાથ વિસ્તારમાં આધેડની છરીના ઘા ઝીંકી હત્યા

જૂનાગઢ,તા.૧૪

જુનાગઢના પ્રખ્યાત ભવનાથ વિસ્તારમાં હત્યાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ભવનાથ ખાતે આવેલા વાઘેશ્વરી મંદિર નજીક અગમ્ય કારણોસર ત્રણ શખ્સોએ એક આધેડ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ આધેડને બેરહેમીથી માર મારી છરીના ઘા ઝીંકતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકની ઓળખ ૪૫ વર્ષીય ભરતભાઈ જીવાભાઈ મકવાણા તરીકે થઈ છે. તેઓ મૂળ ઈશ્વરિયા ગામના રહેવાસી હતા અને છેલ્લા સાત વર્ષથી ભવનાથ વિસ્તારમાં એકલા રહેતા હતા. ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ભય અને ચકચાર ફેલાઈ છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# પાટણમાં વ્યાજખોરે પરિણીતાને જીવતી સળગાવી દેતા ખળભળાટ

પાટણ,તા.૧૪

પાટણમાં વ્યાજખોરોનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. ઘરખર્ચ માટે માત્ર ૫ હજાર રૂપિયા વ્યાજે લેનાર ૩૫ વર્ષીય પિંકીબેન પટણી પાસે જ્યારે વ્યાજખોર બાબુ રાવળ નાણાંની ઉઘરાણી કરવા આવ્યો, ત્યારે મહિલાએ થોડો સમય માંગ્યો હતો.

આ વાતથી ઉશ્કેરાઈને વ્યાજખોરે માનવતા ભૂલી પિંકીબેન પર જ્વલનશીલ પ્રવાહી છાંટીને તેમને જીવતી સળગાવી દીધી હતી.

આ હિંસક હુમલામાં ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને ધારપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેમનું



કરુણ મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુ પહેલાં હોસ્પિટલમાં તેમનું ડાઈંગ ડિકલેરેશન (મૃત્યુ સમયનું નિવેદન) લેવામાં આવ્યું હતું. આ ઘટનામાં આરોપી પોતે પણ ૪૦ ટકા જેટલો દાઝી ગયો હતો.

હાલમાં પાટણ પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો નોંધીને કડક કાયદાકીય કાર્યવાહી સાથે સઘન તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં વીજપોલ વળતર નીતિ સામે ૩૫૦ ગામના ખેડૂતોએ જનઆંદોલન શરૂ કર્યું

મોરબી,તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી વળતર નીતિ સામે મોરબી જિલ્લાના ૩૫૦ ગામોના ખેડૂતોએ ઉગ્ર આંદોલન શરૂ કર્યું છે. મહેન્દ્રનગર ચોકડીથી કલેક્ટર કચેરી સુધી યોજાયેલી આ વિશાળ રેલીમાં અંદાજે ૧,૫૦૦ જેટલા ખેડૂતો અને મહિલાઓ જોડાયા હતા. ખેડૂતોની મુખ્ય માંગણી ચાર ગણા વળતરની



હતી, પરંતુ સરકારના પરિપત્રમાં માત્ર બે ગણા વળતરનો ઉલ્લેખ હોવાથી ખેડૂતોમાં ભારે નારાજગી છે. ખેતરોની વચ્ચે વીજપોલ અને હાઈટેન્શન લાઈનો નાખવાથી ખેતી, સિંચાઈ અને પાક ઉત્પાદનને મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત, ખેતરમાં કામ કરતા પરિવારો માટે કોઈ વીમા સુરક્ષાની જોગવાઈ નથી. જેતપર ગામથી શરૂ થયેલું આ આંદોલન હવે ગાંધીનગર સુધી પહોંચવાની ચેતવણી અપાઈ છે. ખેડૂતો ટેલીગ્રાફ એક્ટની જોગવાઈઓ મુજબ ન્યાયસંગત વળતર અને કેન્દ્ર સરકારની ગાઈડલાઈનમાં ખેડૂતલક્ષી સુધારા કરવાની માંગ કરી રહ્યા છે.

# સુમુલ ડેરી ચૂંટણી ૯ બેઠકો પર આજે મતદાન

સુરત,તા.૧૪

સુરત અને તાપી જિલ્લાના સહકારી માળખા માટે અત્યંત પ્રતિષ્ઠિત ગણાતી સુમુલ ડેરીની ચૂંટણી હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. કુલ ૧૬ બેઠકોમાંથી ૭ બેઠકો બિનહરીફ થયા બાદ બાકી રહેલી ૯ બેઠકો માટે ૧૫ જુલાઈએ સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે, જ્યારે તેનું પરિણામ ૧૭ જુલાઈએ જાહેર થશે.




# ગુજરાત એટીએસ દ્વારા સિધ્ધપુરમાંથી પાંચ શકમંદોની અટકાયત કરાઈ

પાટણ,તા.૧૪

અમદાવાદની ઐતિહાસિક રથયાત્રા પહેલાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત એટીએસ દ્વારા પાટણ જિલ્લાના સિધ્ધપુરમાં સર્ચ ઓપરેશન હાથ ધરી પાંચ શંકાસ્પદ શખ્સોને ડિટેન કરવામાં આવ્યા છે. ઝાંપલીપોળ વિસ્તારમાં આવેલી કટલરીની દુકાન અને 'નૂરાની ટેલર્સ'માંથી આ શખ્સોની અટકાયત કરાઈ છે. આતંકી પ્રવૃત્તિમાં રમકડાંની બેટરી વપરાઈ હોવાની આશંકા વચ્ચે અગાઉ પકડાયેલા આઠ આતંકીઓ અને પાકિસ્તાની હેન્ડલર્સ સાથેના તાર તેમજ જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક અંગે તપાસ ચાલી રહી છે. આ શખ્સો સંગઠનની વિચારધારાનું ગુજરાતીમાં ભાષાંતર કરતા હોવાનું ખુલ્યું છે.

# જસદણની આલ્ફા સંકુલમાં ધો.૫ની વિદ્યાર્થિનીના શંકાસ્પદ મોત કેસમાં ડમી સ્કૂલિંગનો પર્દાફાશ

રાજકોટ,તા.૧૪

રાજકોટના જસદણ સ્થિત આલ્ફા સંકુલમાં ધોરણ-૫ની વિદ્યાર્થીની આયુષી બલદાણીયાના રહસ્યમય મોત બાદ ગુજરાતમાં ચાલી રહેલા એક મોટા ડમી સ્કૂલિંગ નેટવર્કનો ખુલાસો થયો છે. સરકારી તપાસમાં બહાર આવ્યું છે કે રાજ્યના ૩૧ શહેરોની વિવિધ શાળાઓમાં કાગળ પર નોંધાયેલા ૬૯૭ વિદ્યાર્થીઓ વાસ્તવમાં



આ સંકુલમાં રહીને નવોદય અને સૈનિક સ્કૂલની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હતા, જ્યારે મૂળ શાળાઓમાં તેમની ઓનલાઈન હાજરી પુરાતી હતી. આ કેસમાં પોલીસે સ્કૂલના ટ્રસ્ટીઓની અટકાયત કરી સંકુલને સીલ કરી દીધું છે.

# ઓલપાડમાં પાવરગ્રીડ સામે ખેડૂતોનો આક્રોશ : ચાર ગણા વળતરની માંગ

સુરત,તા.૧૪

સુરતના ઓલપાડ તાલુકામાં પાવરગ્રીડની હાઈટેન્શન ટ્રાન્સમિશન લાઈન સામે અસરગ્રસ્ત ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોનો દાવો છે કે ખેતીલાયક જમીનમાંથી લાઈન પસાર થવાને કારણે ભવિષ્યની આવક, સિંચાઈ અને જમીનના ઉપયોગ પર માઠી અસર પડશે. આ નુકસાનીના બદલામાં તેઓ સરકાર અને સંબંધિત કંપની પાસે બજાર ભાવના ચાર ગણા વળતરની માંગ કરી રહ્યા છે. જમીન સંપાદનની વર્તમાન નીતિઓથી નારાજ ખેડૂત સંગઠનો આગામી ૧૮



જુલાઈએ સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ મોટી સંખ્યામાં એકઠા થઈને આવેદનપત્ર આપશે. જો યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આ લડતને રાજ્યવ્યાપી બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. મોરબી બાદ હવે દક્ષિણ ગુજરાતમાં પણ ખેડૂતોએ પોતાના હકો માટે લોકશાહી ઢબે આંદોલન તેજ કર્યું છે ત્યારે સરકારના આગામી વલણ પર સૌની નજર ટકેલી છે.

